dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 62 | AD - 2025, Magshar Vad - 01 | Friday, Dt.05-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે

## ૨૩મા ભારત-રશિયા વાર્ષિક સમિટમાં ભાગ લેવા રશિયાના રાષ્ટ્રપતિ પુતિન ભારતની મુલાકાતે

નવીદિલ્હી,તા.૦૪

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાતે આવી પહોંચ્યા છે. ભારત આવતા જ વિમાની મથકે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પુતિન ૨૩મા ભારત-રશિયા વાર્ષિક સમિટમાં ભાગ લેશે. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે. પીએમ મોદીના આમંત્રણ પર, રાષ્ટ્રપતિ પુતિન ૪ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ૨૩મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે ભારત આવ્યા છે. ભારતની મુલાકાતના બીજા દિવસે, વ્લાદિમીર પુતિનનું રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ પુતિન મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજઘાટ જશે. ત્યારબાદ તેઓ હૈદરાબાદ હાઉસ ખાતે દ્વિપક્ષીય અને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટોમાં ભાગ લેશે. કેટલાક અગ્રણી ઉદ્યોગપતિઓ પણ પ્રતિનિધિમંડળની બેઠકમાં હાજરી આપી શકે છે. શુક્રવારે, પીએમ મોદી અને રાષ્ટ્રપતિ પુતિન ભારત-રશિયા વ્યાપાર મંચમાં ભાગ લેશે. ત્યારબાદ, પુતિન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના આમંત્રણ પર રાષ્ટ્રપતિ ભવનમાં ભોજન સમારંભમાં હાજરી આપશે. ત્યારબાદ, રાષ્ટ્રપતિ પુતિન મોસ્કો જવા રવાના થશે. ચાર વર્ષ પછી થઈ રહેલી આ મુલાકાતનો હેતુ મુખ્યત્વે ભારતને રશિયન તેલ, મિસાઈલ સિસ્ટમ અને ફાઈટર જેટના વેચાણમાં વધારો કરવા માટે તૈયાર કરવાનો છે. આ એવા સમયે આવી રહ્યું છે જ્યારે અમેરિકાના દબાણથી ઉર્જા અને સંરક્ષણ ક્ષેત્રોમાં



બંને દેશો વચ્ચેના સંબંધોમાં તણાવ આવ્યો છે. પુતિનની સાથે ઉદ્યોગ અને વ્યાપાર સમુદાયનું એક મોટું પ્રતિનિધિમંડળ હશે, જેમાં રશિયન સંરક્ષણ પ્રધાન આન્દ્રે બેલોસોવનો સમાવેશ થાય છે. નિષ્ણાતો માને છે કે આ મુલાકાત ભારત અને રશિયા વચ્ચેના ખાસ સંબંધોને ફરીથી મજબૂત બનાવવાની તક છે, અને કેટલાક નવા સંરક્ષણ સોદા પણ અપેક્ષિત છે. પુતિનની મુલાકાત પહેલા બંને દેશોના અધિકારીઓએ સંરક્ષણ, કૃષિ, શિપિંગ અને મુક્ત વેપાર જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી છે. રશિયા ભારત સાથે નાગરિક પરમાણુ ઊર્જા સહયોગ પણ વિસ્તારવા માંગે છે. પુતિનની સાથે આવેલા રશિયન પ્રતિનિધિમંડળમાં દેશની સૌથી મોટી બેંક અને શસ્ત્ર નિકાસકારનો સમાવેશ થાય છે. રશિયા ઈચ્છે છે કે ભારત તેની તેલ કંપનીઓને તકનીકી સાધનો પૂરા પાડવામાં મદદ કરે, કારણ કે પ્રતિબંધોને કારણે ઘણા સપ્લાયર્સ ઉપલબ્ધ નથી. જ્યારે ભારત રશિયાના સખાલિન-૧ પ્રોજેક્ટમાં તેનો ૨૦ ટકા હિસ્સો પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી શકે છે. જ્યારે અમેરિકાના દબાણને કારણે ભારત અને રશિયા વચ્ચે ઊર્જા સંબંધો નબળા પડી રહ્યા છે, ત્યારે ભારત સંરક્ષણ ક્ષેત્રમાં રશિયા પર ભારે નિર્ભર રહે છે. રશિયાએ ભારતને તેના અદ્યતન Su-૫૭ ફાઈટર એરક્રાફ્ટ પણ ઓફર કર્યા છે, જે આ મુલાકાત દરમિયાન ચર્ચામાં સામેલ થવાની અપેક્ષા છે. ભારત S-૪૦૦ હવાઈ સંરક્ષણ પ્રણાલીના વધારાના એકમો ખરીદવાનું પણ વિચારી રહ્યું છે. નિષ્ણાતો કહે છે કે યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટે તાજેતરની યુએસ-રશિયા વાટાઘાટોથી ભારત માટે રશિયા સાથે ખુલ્લેઆમ જોડાવાનું સરળ બન્યું છે. વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ મુલાકાત દરમિયાન અનેક મોટા નિર્ણયો લેવામાં આવી શકે છે, જેમાં કામદારોની ગતિશીલતાથી લઈને ઉર્જા, સંરક્ષણ સહયોગ, વેપાર ખાધ અને નવી રાજદ્વારી પહેલનો સમાવેશ થાય છે.

## બીએલઓના કામકાજના કલાકો ઘટાડવા માટે વધારાનો સ્ટાફ રાખવા નિર્દેશ આપતી સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૦૪

૧૨ રાજ્યોમાં ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયાએ બૂથ લેવલ અધિકારીઓ પર ભારે દબાણ બનાવ્યું છે. આ સંજોગોને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે હવે રાજ્ય સરકારોને નિર્દેશો જારી કર્યા છે. કોર્ટે રાજ્ય સરકારોને બીએલઓના કામકાજના કલાકો ઘટાડવા માટે વધારાનો સ્ટાફ તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે એવો પણ આદેશ



આપ્યો હતો કે રાજ્ય સરકાર અને સક્ષમ અધિકારીએ ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલ એસઆઈઆર પ્રક્રિયામાં ફરજમાંથી મુક્તિ માટે માન્ય અને સ્પષ્ટ કારણો આપનારાઓની વિનંતીઓ પર વિચાર કરવો જોઈએ, અને કેસ-બાય-કેસ આધારે બદલી કર્મચારીઓને તૈનાત કરવા જોઈએ.

ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટ અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયની પાર્ટી, તમિલગા વેત્રી કઝગમ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. પક્ષે બીએલઓ તરીકે તેમની ફરજો યોગ્ય રીતે નિભાવવામાં નિષ્ફળ રહેલા લોકો સામે ચૂંટણી પંચની કાર્યવાહીને પડકાર ફેંક્યો હતો. પક્ષે દલીલ કરી હતી કે ઈસી લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૩૨ હેઠળ વધુ પડતા બોજવાળા બીએલઓ સામે તેમની નિષ્ક્રિયતા માટે ફોજદારી કાર્યવાહી કરી રહ્યું છે. સુપ્રીમ કોર્ટે હવે આ મામલે નિર્દેશો જારી કર્યા છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે એસઆઈઆર પ્રક્રિયા ચાલુ હોવાથી, ચૂંટણી પંચના આદેશ મુજબ કાર્ય માટે જરૂરી માનવશક્તિ પૂરી પાડવાની જવાબદારી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની છે.

## રૂપિયાના ઘટાડા માટે સરકારની વર્તમાન આર્થિક નીતિઓ જવાબદાર : કોંગ્રેસ અધ્યક્ષ ખડગે

નવીદિલ્હી,તા.૦૪

રૂપિયામાં સતત ઘટાડા વચ્ચે, વિપક્ષો હવે સરકાર પર પ્રહાર કરી રહ્યા છે. રાજ્યસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગુરુવારે આ મુદ્દે સરકાર પર પ્રહારો કર્યા. ખડગેએ રૂપિયાના ઘટાડા માટે સરકારની વર્તમાન આર્થિક નીતિઓને જવાબદાર ઠેરવીને કહ્યું કે ભારતીય ચલણનું હવે વિશ્વમાં કોઈ મૂલ્ય નથી.

સંસદની બહાર, ખડગેએ કહ્યું, "સરકારની નીતિઓએ



રૂપિયાને નબળો પાડ્યો છે. આપણા ચલણનું હવે વિશ્વમાં કોઈ મૂલ્ય નથી. જો સરકારની નીતિઓ સાચી હોત, તો રૂપિયો સુધર્યો હોત. રૂપિયાનો ઘટાડો દર્શાવે છે કે આપણી અર્થવ્યવસ્થા સારી રીતે ચાલી રહી નથી."

બુધવારે, રૂપિયો પહેલીવાર ડોલર સામે ૯૦ ની ઉપર તૂટી ગયો. આ તેનું અત્યાર સુધીનું સૌથી ખરાબ પ્રદર્શન છે. રૂપિયામાં આ નબળાઈ ક્રૂડ ઓઈલના ભાવમાં મજબૂતી અને ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરાર પર સતત અનિશ્ચિતતાને કારણે છે. ૨૦૨૫ માં રૂપિયો ૪ થી ૫ ટકા ઘટ્યો છે, જે સૌથી ખરાબ પ્રદર્શન કરતા એશિયન ચલણોમાંનો એક બની ગયો છે. ગુરુવારે શરૂઆતના ટ્રેડિંગમાં, ડોલર સામે રૂપિયો ૯૦.૩૩ પર ટ્રેડ કરી રહ્યો હતો.

અગાઉ, કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ પણ રૂપિયાના ઘટાડા પર સરકાર પર નિશાન સાધ્યું હતું. તિવારીએ તે સમયને યાદ કર્યો જ્યારે યુપીએ સરકાર સત્તામાં હતી અને ભાજપે રૂપિયાના ઘટાડા માટે સરકારની મજાક ઉડાવી હતી. કોંગ્રેસના નેતાએ કહ્યું કે રૂપિયાનો વિનિમય દર હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉંમરને વટાવી ગયો છે.

## કેન્દ્ર સરકાર વિદેશથી આવેલા મહાનુભાવોને વિપક્ષને મળવાની ના પાડે છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૦૪

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે આરોપ લગાવ્યો કે સરકાર પોતાની "અસુરક્ષા"ને કારણે વિદેશથી આવેલા મહાનુભાવોને વિપક્ષના નેતાને ન મળવાનું કહે છે. રાહુલ ગાંધીનું આ નિવેદન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન બે દિવસની મુલાકાત માટે ભારત આવ્યા તેના થોડા કલાકો પહેલા આવ્યું હતું.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું, "અત્યાર સુધી, વિદેશી નેતાઓ વિપક્ષના નેતાને પણ મળવાની પરંપરા રહી છે. (ભૂતપૂર્વ વડાપ્રધાનો) અટલ



બિહારી વાજપેયી અને મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન પણ આવું જ હતું. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રાલય આ પરંપરાનું પાલન કરી રહ્યા નથી. રાહુલ ગાંધીએ સંસદ સંકુલમાં પત્રકારોને જણાવ્યું હતું કે, "સામાન્ય રીતે વિદેશી નેતાઓ વિપક્ષના નેતાને મળવાની પરંપરા છે. વાજપેયીના સમયમાં અને મનમોહન સિંહના સમયમાં પણ આવું જ હતું. પરંતુ આજકાલ, સરકાર વિદેશી નેતાઓને મને ન મળવાનું કહે છે. જ્યારે આપણે વિદેશ જઈએ છીએ ત્યારે પણ આવું જ થાય છે. આપણને સંદેશ મળે છે કે સરકારે કહ્યું છે કે, 'મને ન મળો.'" તેમણે કહ્યું કે વિપક્ષના નેતા પણ ભારતનું પ્રતિનિધિત્વ કરે છે, અને આ બેઠકો વિદેશી નેતાઓને એક અલગ દ્રષ્ટિકોણ આપે છે. જોકે, સરકાર વિદેશી નેતાઓ વિપક્ષને મળે તેવું ઈચ્છતી નથી. તેમણે કહ્યું, "આ એક પરંપરા છે, પરંતુ મોદી અને વિદેશ મંત્રાલય આ પરંપરાનું પાલન કરતા નથી." જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે સરકાર આવું કેમ કરે છે, ત્યારે તેમણે કહ્યું, "તે તેમની અસુરક્ષાને કારણે છે." રાહુલ ગાંધીએ કહ્યું, "વિદેશથી આવનાર કોઈપણ વ્યક્તિ વિપક્ષના નેતા સાથે મુલાકાત કરે છે, અને આ દેશની પરંપરા રહી છે. પરંતુ આજકાલ, જ્યારે વિદેશી મહાનુભાવો અહીં આવે છે અથવા જ્યારે હું બહાર જાઉં છું, ત્યારે સરકાર તેમને વિપક્ષના નેતાને ન મળવાની સલાહ આપે છે. તેથી, આ તેમની નીતિ છે. તેમણે વધુમાં કહ્યું કે તેઓ દર વખતે આવું કરે છે. અમારા બધા સાથે સંબંધો છે. અમે પણ દેશનું પ્રતિનિધિત્વ કરીએ છીએ; ફક્ત સરકાર જ પ્રતિનિધિત્વ કરતી નથી. સરકાર નથી ઈચ્છતી કે વિપક્ષના સભ્યો બહારના લોકો સાથે મળે." તેમણે એમ પણ કહ્યું કે પીએમ મોદી આ નિયમનું પાલન કરતા નથી કારણ કે તેમને અસુરક્ષાની ભાવના છે.







## પં.બંગાળમાં બાબરી મસ્જિદનું નિર્માણ કરવાનું નિવેદન કરનાર ધારાસભ્ય ટીએમસીમાંથી સસ્પેન્ડ

કોલકતા,તા.૦૪

પશ્ચિમ બંગાળ તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય હુમાયુ કબીર બાબરી મસ્જિદનું પુનઃનિર્માણ કરવાની જાહેરાત કર્યા પછીથી ચર્ચામાં આવી ગયા હતા. તેમણે અનેક વિવાદાસ્પદ નિવેદનો આપ્યા હતા. જોકે પાર્ટીએ તેમના નિવેદનોથી પોતાને દૂર રાખ્યા હતા, પરંતુ તેમના નિવેદનો બંધ થયા ન હતા. આ જ કારણ છે કે ટીએમસીએ હવે તેમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.

ટીએમસીમાંથી સસ્પેન્ડ થયા બાદ ધારાસભ્ય હુમાયુ કબીરે કહ્યું, "હું આવતીકાલે ટીએમસીમાંથી રાજીનામું આપીશ. જો જરૂર પડશે તો હું ૨૨ ડિસેમ્બરે નવી પાર્ટીની જાહેરાત કરીશ." હુમાયુનું વલણ સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ હવે ટીએમસીનો વિરોધ કરી રહ્યા છે. આનું કારણ એ છે કે તેમના અગાઉ કોંગ્રેસ અને ભાજપ સાથે સંબંધો રહ્યા છે.

હુમાયુએ તેમની હકાલપટ્ટી પહેલા જ નવી પાર્ટી બનાવવાની ચર્ચા કરી હતી. તેમણે તાજેતરમાં જણાવ્યું હતું કે નવી પાર્ટીની રૂપરેખા ૨૨ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૦૫-૧૨-૨૦૨૫

## અમરેલી સ્વામિનારાયણ મુખ્ય મંદિર દ્વારા ૧૬મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે

# શ્રી હરિ ચરિત્ર કથા અને ઉત્તર હિન્દુસ્તાનના પરચા પર કથા યોજાશે

અમરેલી,તા.૦૪

અમરેલી સ્વામિનારાયણ મુખ્ય મંદિર દ્વારા ૧૬મા વાર્ષિક પાટોત્સવ નિમિતે શ્રી હરિ ચરિત્ર કથ અને ઉત્તર હિન્દુસ્તાનના પરચા પર કથા યોજાશે. તા.૧૪ ડિસેમ્બરથી તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, પાણી દરવાજા અમરેલી ખાતે આ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથા સમય દરમિયાન શાકોત્સવનું ભવ્ય આયોજન પણ કરવામાં આવ્યું છે. તા.૧૪ના રોજ પોથીયાત્રા સાથે કથાનો પ્રારંભ, તા.૧૫ના રોજ જળયાત્રા, રાત્રિના ૯ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ, તા.૧૬ના રોજ અભિષેક, યજ્ઞ અને અન્નકુટ, રાત્રિના ૧૦ કલાકે



ઘનશ્યામ જન્મોત્સવ, તા.૧૮ના રોજ ગાદી પટ્ટાભિષેક, તા.૧૯ના રોજ ઠાકરથાળી, તા.૨૦ના રોજ ભવ્ય શાકોત્સવ અને તા. ૨૦ના રોજ કથાની પુર્ણાહૂતિ થશે. કથાનો સમય દરરોજ ૮:૩૦ કલાકનો રહેશે. બહારગામથી આવતા તમામ ભાવિકોને જમવાની તથા ઉતારાની વ્યવસ્થા રાખેલ છે. આ કથા આયોજનને લઈ સંતો દ્વારા ભાવિક ભક્તોને આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે. કથાના ભવ્ય આયોજનને લઈ હરિભક્તો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ કથાનો લાભ લેવા કોઠારી ગોપાલમુનિદાસજી અમરેલી ધામ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સ્વામિનારાયણના સંતો દ્વારા ભક્તોને આમંત્રણ પાઠવવામાં આવ્યું

# લાઠી-દામનગરમાં દિવ્યાંગોના અધિકારો વિશે માહિતી અપાઈ

અમરેલી,તા.૦૪

લાઠી તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા વિશ્વ દિવ્યાંગ દિવસ નિમિત્તે લાઠી દામનગરની નવજ્યોત વિદ્યાલય ખાતે કાનૂની માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર ૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બુધવારે યોજાઈ હતી. નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટીની સૂચના મુજબ આ કાર્યક્રમ યોજાયો હતો. એડવોકેટ ઈતેશકુમાર કે. મહેતાએ



દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે દિવ્યાંગ અધિનિયમની વિવિધ જોગવાઈઓ, દિવ્યાંગોને મળતા વિશેષ અધિકારો અને લાભ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

# દિલ્હી ખાતે આજે એફપીઓ ઈમ્પેક્ટ એવોર્ડ માટે ભાવનાબેન ગોંડલીયાનું સન્માન કરાશે

અમરેલી,તા.૦૪

ધારી ખેડૂત કૃષિ ઉત્પાદક અને પ્રોસેસિંગ સહકારી મંડળી લિમિટેડને ACCESS ડેવલપમેન્ટ સર્વિસ FPO ઈમ્પેક્ટ એવોર્ડ્સ ૨૦૨૫માં 'FPO ઓફ ધ યર લાર્જ' શ્રેણી હેઠળ વિજેતા જાહેર કરવામાં આવી છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર માટે મંડળીના પ્રમુખ ભાવનાબેન ગોંડલીયાનું સન્માન કરવામાં આવશે. આ સન્માન



ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલિયા સહિતના અગ્રણી સહકારી નેતાઓની હાજરીમાં થયું હતું, જેમણે ભાવનાબેન ગોંડલીયાના યોગદાનને બિરદાવ્યું હતું. FPO ઈમ્પેક્ટ એવોર્ડ્સ પ્રેઝન્ટેશન સમારોહ આજે દિલ્હીમાં વિન્ડસર પ્લેસ હોટલ મેરિડિયન ખાતે લાઈવલીહૂડ્સ ઈન્ડિયા સમિટ દરમિયાન યોજાશે. આ એવોર્ડ અસાધારણ પ્રદર્શન અને ખેડૂતોની આજીવિકાને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાના આધારે આપવામાં આવે છે. ભાવનાબેન ગોંડલીયા સમારોહમાં વિશેષ ઉપસ્થિત રહેશે.

# રાજુલામાં BAPS મંદિરે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

રાજુલા,તા.૦૪

રાજુલા શહેરના ડુંગર રોડ સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરે બ્રહ્મસ્વરૂપ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતિ નિમિત્તે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ૦૭ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ સવારના ૯:૦૦ વાગ્યાથી બપોરના ૧:૩૦ વાગ્યા સુધી યોજાશે. આ પ્રસંગે સાધુ-સંતો, અગ્રણીઓ અને પ્રતિષ્ઠિત નાગરિકો ઉપસ્થિત રહેશે. પૂજ્ય યોગીપુરુષસ્વામી, પૂજ્ય નારાયણસેવક સ્વામી અને સ્વયંસેવકો દ્વારા તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આયોજકોએ રક્તદાનને મહાદાન ગણાવી, રક્તનું એક ટીપું પણ જીવન બચાવી શકે છે તેવા સંદેશ સાથે, વધુમાં વધુ લોકોને માનવ સેવાના આ ભગીરથ કાર્યમાં જોડાઈને સહભાગી થવા અપીલ કરી છે.

# વડીયા-મોટી કુંકાવાવમાં SIR કામગીરી વહેલી પૂર્ણ કરનાર ત્રણ શ્રેષ્ઠ BLO નું સન્માન

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લાના વડીયા-મોટી કુંકાવાવ તાલુકાના ૪૫ ગામોમાંથી મતદાર યાદી સુધારણા (SIR) ની કામગીરી સૌપ્રથમ અને સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ત્રણ નિષ્ઠાવાન BLOનું સન્માન કરવામાં આવ્યું છે. આ શ્રેષ્ઠ કામગીરી કરનારાઓમાં PGVCL ના કર્મચારી કાજલબેન પાનસૂરિયા, ખડખડના શિક્ષક રાવતભાઈ ડેર અને સનાળીના શિક્ષક કલ્પેશભાઈ



વસાણીનો સમાવેશ થાય છે. આ ત્રણેય કર્મચારીઓએ SIR સંબંધિત ફરજો અત્યંત જવાબદારી, નિષ્ઠા અને કાર્યકુશળતા સાથે નિભાવીને રાષ્ટ્રસેવામાં ઉત્તમ યોગદાન નોંધાવ્યું છે.

આ કામગીરી બદલ મોટી કુંકાવાવના સહયોગ નાગરિક શરાફી સહકારી મંડળી લી. ના ચેરમેન કૌશિકભાઈ પાનસૂરિયાએ આજે ત્રણેય કર્મચારીઓના કાર્યસ્થળે રૂબરૂ મુલાકાત લીધી હતી અને તેમની સેવાભાવી કામગીરી બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી તેમને સન્માનિત કર્યા હતા.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના ખેલાડીઓએ કુરાશ રમતમાં રાજ્યકક્ષાએ ૨૬ મેડલ મેળવ્યા

અમરેલી,તા.૦૪

મહિસાગર જિલ્લાના લુણાવાડાના ગાંગટા ખાતે નવેમ્બરમાં ભાઈઓ -બહેનોની રાજ્ય કક્ષાની કુરાશ ગેમ ચેમ્પિયનશીપનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના ખેલાડીઓએ અમરેલી જિલ્લામાંથી ભાગ લીધો હતો. જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી સંસ્થાના ખેલાડીઓએ રાજયમાં પ્રથમ સ્થાન મેળવી કુલ ૨૬ મેડલ પ્રાપ્ત કર્યા છે. આ સિદ્ધી મેળવનાર ખેલાડીઓ



જેમાં 1) મકવાણા હાર્દિક 45 kg, U-19 2) મેણીયા કલ્પેશ 45 kg U-17, 3) મકવાણા કુલદીપ 81 kg U-19, 4) ચૌહાણ પૂજા 44 kg U-19, 5) દવે વિશ્વા 52 kg - U-19, 6) જતાપરા હીના 57 kg U-19, 7) પટણી અરમાન 60 kg U-17, 8) રાદડિયા દેવાંશ 73 kg U-17, 9) ધાંધલા વિધિ 40 kg U-17, 10) ચારણીયા પ્રથા 44 kg U-17, 11) પંડ્યા રુદ્રિકા 48 kg U-17, 12) જતાપરા જાનવી 63 kg U-17, 13) હાડગડા રાધિકા 28 kg U-14, 14) પેથાણી કાવ્યા 36 kg ગોલ્ડ મેડલ U-14, 15) માનકોલીયા હાર્દિક 50 kg U-14, 16) વાળા યશરાજ 55 kg U-14 સાથે સુવર્ણ પદક પ્રાપ્ત કરેલ તેમજ 1) મકવાણા આરદીપ U-19 66 kg, 2) મૂળિયા સાધના U-19 48 kg, 3) ચૌહાણ જયરાજ U-19 45 kg, 4) લાખાણી આરુષિ U-14 32 kg, 5) રાઠોડ યશ્વી U-17 40 kg રજત પદક પ્રાપ્ત કરેલ અને 1) અજાણી જેની U-17 52 kg, 2) ચૌહાણ સાનવી U-19 -40 kg 3) રાઠોડ ભાવેશ U-19 -60 Kg, 4) વકાતર ખુશાલી U-14 -44 Kg, 5) પાનસુરીયા દક્ષ U-17 73 kg નો સમાવેશ થાય છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલીની મોંઘીબા મહિલા આટ્ર્સ કોલેજમાં 'કૂતરું કરડવાથી બચવા' અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આટ્ર્સ કોલેજ-અમરેલી ખાતે વિદ્યાર્થિનીઓ માટે 'કૂતરું કરડવાથી બચવા માટે' એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ વેલિયતે કૂતરું



કરડે ત્યારે શું કરવું અને શું ન કરવું તે અંગે ઊંડી સમજ આપી હતી. સંસ્થાના નોડલ ઓફિસર ડૉ. એમ. જે. પટોળિયાએ કૂતરું કરડવાથી બચવા માટેની સાવચેતીઓ તેમજ કૂતરાના નહોર વાગ્યા પછી તત્કાલ ઉપચાર કરી જરૂરી રસીકરણ કરાવવા બાબતે વિદ્યાર્થિનીઓને માહિતગાર કર્યા હતા. આ જાગૃતિ કાર્યક્રમમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય ડૉ. જી.વી. વેલિયત, નોડલ ઓફિસર ડૉ. એમ.જે. પટોળિયા તથા સમગ્ર કોલેજ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલા-મહુવા રોડ પર રેલવે ફાટકના ઓવરબ્રિજની કામગીરીને કારણે ૨૨ જાન્યુઆરી સુધી વૈકલ્પિક રૂટ અમલમાં રહેશે

સાવરકુંડલા,તા.૦૪

સાવરકુંડલા શહેરમાં સાવરકુંડલા-મહુવા રોડ પર આવેલ રેલવે ફાટક નં. ૬૭/બી પર ઓવરબ્રિજની કામગીરી જ્યાં સુધી પ્રગતિ હેઠળ હોય, ત્યાં સુધી ત્યાંથી પસાર થતા વાહનો માટે અમરેલીના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા વૈકલ્પિક રૂટનું જાહેરનામું પ્રસિદ્ધ થયું હતું. પરંતુ જાહેર હિત અને વ્યાજબી કારણોને ધ્યાને રાખીને આ જાહેરનામાની અમલવારીની મુદત તા.૨૨-૧-૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

વૈકલ્પિક રૂટ-૧ મુજબ અમરેલી હાઈવે તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ મહુવા-રાજુલા તરફ જતા-આવતા તથા મહુવા-રાજુલા તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ અમરેલી તરફ જતા-આવતા ભારે તથા મોટા વાહનોએ સાવરકુંડલા બાયપાસ રોડ ઉપરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૨ અનુસાર સાવરકુંડલા શહેરમાંથી મહુવા-રાજુલા તરફ જતા-આવતા તથા મહુવા-રાજુલા તરફથી સાવરકુંડલા શહેરમાં જતા-આવતા દ્વિચક્રી અને ત્રિચક્રી વાહનોએ સૂચિત બ્રિજ (રેલવે ફાટક)ની બંને સાઈડના સર્વિસ રોડ ઉપરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૩ મુજબ સાવરકુંડલા શહેરમાંથી મહુવા-રાજુલા તરફ આવતા-જતા નાના તથા મધ્યમ વાહનોએ માર્કેટીંગ યાર્ડ પાસેના રેલવે અંડરપાસમાંથી પસાર થવાનું રહેશે.









**એમ.ડી. સ્વ.ગોકળદાસ પટેલ અને બેંકને સ્થિરતા આપનાર ચેરમેન સ્વ.પરશોતમભાઈ સોજીત્રાના તૈલચિત્રનું અનાવરણ**

# અમરેલી નાગરિક સહકારી બેંકના સ્થાપકો અને બેંકને સદ્ધર બનાવનારના તૈલચિત્રનું અનાવરણ મંત્રીના હસ્તે થશે

અમરેલી,તા.૦૪

અમરેલી નાગરિક સહકારી બેંકના સ્થાપક ચેરમેન સ્વ.પ્રેમજીભાઈ લેઉવા, સ્થાપક એમ.ડી સ્વ.ગોકળદાસ પટેલ અને બેંકને સ્થિરતા આપનાર ચેરમેન સ્વ.પરશોતમભાઈ સોજીત્રાના તૈલચિત્રનું અનાવરણ શનિવારે રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે કરવામાં આવશે. બેંક લી.નાં સ્થાપક ચેરમેન સ્વ. પ્રેમજીભાઈ લેઉવા જેઓ અમરેલી વિસ્તારનાં ધારાસભ્ય અને વિધાનસભાનાં સ્પીકર હતા. લીલીયાનાં ધારાસભ્ય સ્વ. ગોકળદાસ પટેલ જેઓ બેંકના સ્થાપક એમ. ડી. હતા. આ બંને મહાનુભાવો દ્વારા તા. ૧૧/૦૬/૧૯૬૪ નાં રોજ આ બેંકની સ્થાપના થઈ હતી. ત્યારબાદ આ બેંક એક મોટું વટવૃક્ષ બનેલ છે. વર્ષ-૧૯૯૫માં જયારે બેંકની ડામાડોળ પરિસ્થિતિ બનેલ ત્યારે બેંકનાં ચેરમેન તરીકે



સ્વ.પરશોતમભાઈ સોજીત્રાની પસંદગી થઈ હતી. તેમણે પોતાની સુઝબુઝ અને અનુભવ દ્વારા બેંકને સ્થિરતા અપાવેલ. આજે આ બેંકને જિલ્લાની શ્રેષ્ઠ કો-ઓપરેટીવ બેંક માનવામાં આવે છે અને છેલ્લા ૨૨ વર્ષથી બેંકનું નેટ N.P.A 0% રાખી શ્રેષ્ઠ રીકવરી દ્વારા બેંકને સદ્ધર બનાવેલ છે તેમજ વાર્ષિક રૂા. ૪ કરોડ સુધી ચોખ્ખો નફો જાળવી રાખેલ છે. હાલ બેંકની કુલ ૪ બ્રાંચ છે અને પાંચમી બ્રાંચ સાવરકુંડલા ખાતે ટૂંક સમયમાં શરૂ થશે. હાલ બેંકનાં કુલ ૨૨૦૦૦ સભાસદો, ૨૨૬૮૦ સેવિંગ એકાઉન્ટ, ૭૮૦ કરંટ એકાઉન્ટ હોલ્ડરો છે. હાલ, બેંકની કુલ ડિપોઝીટ રૂા.૨૦૦ કરોડ, ૪૮૯૨ લોકર તેમજ રૂા.૧૧૩ કરોડ બેંકનું ધિરાણ છે. આ બેંક લોકો પ્રત્યે અવિરત વિકાસ અર્થે કામ કરતી હોય જેથી બેંકનાં પૂર્વ ચેરમેનોએ બેંકમાં આપેલ યોગદાન માટે તેઓનું ઋણ સ્વીકાર કરીને તેઓની કાયમી યાદ માટે તેમનાં તૈલચિત્રનું અનાવરણ કરાશે, તેમ બેંકનાં એમ.ડી. દિલિપભાઈ ધોરાજીયાએ અખબાર યાદીમાં જણાવેલ છે.

# ધારીના મોણવેલ ગામ નજીક વીજવાયરને અડી જતા દીપડાનું મોત

બગસરા,તા.૦૪



ધારી તાલુકાના મોણવેલ ગામ નજીક ખેડૂત ધનજીભાઈની વાડી પાસે આવેલા લીમડા પર બેઠેલા એક દીપડાએ નીચે છલાંગ લગાવતા અકસ્માતે PGVCLના જીવંત વીજવાયરના સંપર્કમાં આવ્યો હતો. વીજકરંટ લાગતા દીપડાનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતા જ વન વિભાગ અને PGVCLની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે વન વિભાગનું પેટ્રોલિંગ માત્ર નામ પૂરતું છે. કરોડોના વાહનો અને પૂરતો સ્ટાફ હોવા છતાં વન્યપ્રાણીઓના આ રીતે થતા મૃત્યુને અટકાવવામાં આ વિભાગ નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. આ બનાવથી વન્યજીવ સંરક્ષણની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

# અમરેલીમાં કેરીયા રોડના રેલવે ફાટક પરથી પસાર થતા વાહન ચાલકોએ વૈકલ્પિક રૂટ અનુસરવો

**આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે**

અમરેલી,તા.૦૪

અમરેલી શહેરમાં કેરીયા રોડ પર આવેલ રેલવે ફાટક નં. ૨૧ ખાતે રેલવે વિભાગ દ્વારા આર.સી.સી.બોક્સ તથા એપ્રોચ રોડનું કામ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવનાર હોવાથી ત્યાંથી પસાર થતા તમામ વાહનોનો ટ્રાફિક ડાયવર્ટ કરવા માટે વૈકલ્પિક રૂટ જાહેર કરવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ જાહેરનામું બહાર પાડ્યું છે.

વૈકલ્પિક રૂટ-૧ મુજબ હળવા વાહનો (ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર) માટે હનુમાનપરા રેલવે ફાટક એલ.સી. નં.૨૦ મારફતે એલ.સી. નં.૨૧ થી એલ.સી. નં.૨૦ વચ્ચે પાકો મોટરેબલ રસ્તો બન્યા બાદ કેરીયા રોડ રૂટ પરથી પસાર થવાનું રહેશે. અથવા માણેકપરાથી લીલીયા રોડ ફાટક પાસેથી લીલીયા ચોકડીવાળા રૂટ પરથી પસાર થવાનું રહેશે. વૈકલ્પિક રૂટ-૨ અનુસાર ભારે વાહનોએ અમરેલી-સાવરકુંડલા બાયપાસ રોડ પરથી લાઠી બાયપાસ ચોકડીથી અમરેલી શહેર રૂટ પરથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું તાત્કાલિક અસરથી તા.૧૭/૦૧/૨૦૨૬ સુધી અથવા તા.૧૮/૦૧/૨૦૨૬ પહેલા કામગીરી પૂર્ણ થયે રસ્તો અવર-જવર માટે ખુલ્લો મુકવામાં આવે ત્યાં સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

**'મિશન સ્માઈલ' કાર્યક્રમ અંતર્ગત એસ.પી. સંજય ખરાતની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો**

# અમરેલી વિદ્યાસભાના ૧૫૦૦ વિદ્યાર્થીઓને બેડ ટચ, ગુડ ટચ વિશે માહિતગાર કરાયા

અમરેલી,તા.૦૪

અમરેલી વિદ્યાસભા કેમ્પસમાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની અધ્યક્ષતામાં 'મિશન સ્માઈલ' અંતર્ગત એક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ૧૫૦૦ જેટલા બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં બાળકોને સુરક્ષિત અને અસુરક્ષિત સ્પર્શ વિશે વિસ્તૃત માર્ગદર્શન



આપવામાં આવ્યું હતું. એસપી સંજય ખરાતે જણાવ્યું કે 'મિશન સ્માઈલ' દ્વારા અત્યાર સુધીમાં ૫૦,૦૦૦ બાળકોને માહિતગાર કરાયા છે. પોલીસનો લક્ષ્ય છે કે આગામી એપ્રિલ સુધીમાં આ સંખ્યા વધારીને બે લાખથી વધુ શાળાના બાળકો સુધી પહોંચાડવામાં આવે. પોલીસ, શિક્ષકો, વાલીઓ અને સામાજિક સંસ્થાઓના સંકલનથી બાળકોને ભયમુક્ત અને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા માટે અમરેલી જિલ્લા પોલીસ સતત પ્રયત્નશીલ છે, જેથી આવા બનાવો અટકાવી શકાય અને તાત્કાલિક કડક કાર્યવાહી થઈ શકે.

# બગસરામાં જિલ્લા મ.સ. બેન્કના નવા બિલ્ડીંગના પ્રવેશદ્વારને અરજણ બાપાનું નામકરણ કરાયું

બગસરા,તા.૦૪



તસવીર : વી.કે. સાંગાણી

ખેડૂતોની કરોડરજ્જુ સમાન અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કની બગસરા શાખાના નવા બિલ્ડીંગ પ્રવેશદ્વારને અરજણભાઈ વેલજીભાઈ પટેલ નામ આપવામાં આવ્યું છે. અરજણદાદાએ યુવાવસ્થાથી ગઢપણ સુધી સામાજિક લોકસેવા, સહકારી ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક સેવા, પટેલ સમાજ અને માંગરોળીયા પરિવારનું સંગઠન કરવાના શ્રેષ્ઠ વિચારથી એકતાનું સ્વપ્ન સાકાર કરી સમગ્ર સમાજને નવી રાહ ચિંધી હતી. આ તકે માંગરોળીયા પરિવારે બેન્કના ચેરમેન દિલીપભાઈ સંઘાણી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# બગસરાના શાપર ગામની પ્રા.શાળામાં સ્વેટરનું દાન આપનાર દાતાનું સન્માન

બગસરા,તા.૦૪

બગસરા તાલુકાના શાપર ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓને મુંબઈ સ્થિત દાતા રસિકભાઈ શામજીભાઈ કારેલીયાએ સ્વેટરનું દાન કર્યું છે. શાપર ગામના વતની અને હાલ મુંબઈ રહેતા રસિકભાઈના પિતા શામજીભાઈ કારેલીયા પણ આ શાળાના પૂર્વ વિદ્યાર્થી હતા. શાળાનું ઋણ ચૂકવવાના ઉમદા હેતુથી રસિકભાઈએ તા.૨૩ના રોજ સહપરિવાર હાજર રહીને બાળકોને સ્વેટરનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે, શાળા પરિવાર તથા ગામના આગેવાનો દ્વારા દાતાનું શાલ અને સન્માનપત્ર આપીને ભવ્ય સન્માન કરવામાં



આવ્યું હતું. દાતાએ બાળકોને અભ્યાસ માટે પ્રેરક સંદેશો આપ્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત સદસ્ય કાંતિભાઈ વેકરીયા, સરપંચ ધનસુખભાઈ શીલુ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય હંસાબેન સોજીત્રા અને સ્ટાફે રજાના દિવસે હાજર રહીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# વડીયા પાસે જેતપુર-બગદાણા રૂટની ST બસને ડમ્પરની ટક્કર; ડ્રાઈવરની સમયસૂચકતાથી મોટી દુર્ઘટના ટળી

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લાના વડીયા નજીક આંબેડકર નગર પાસે જેતપુર-વડીયા-બગદાણા રૂટની ST બસને અકસ્માત નડ્યો હતો. આ ઘટનામાં એસ.ટી. બસના ચાલકની સમયસૂચકતાને કારણે મોટી જાનહાનિ ટળી હતી. વિગત મુજબ, એક પૂરપાટ ઝડપે આવી રહેલા ડમ્પર ટ્રકે એસ.ટી. બસને ધડાકાભેર ટક્કર મારી હતી. અકસ્માત સર્જાયા બાદ ડમ્પર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. જોકે, આ ગંભીર પરિસ્થિતિમાં એસ. ટી. બસના ડ્રાઈવરે સમયસર બસ પર કાબૂ મેળવી લેતા મોટી દુર્ઘટના અને જાનહાનિ થતી અટકી હતી. અચાનક થયેલી ટક્કરને કારણે બસમાં બેઠેલા મુસાફરોમાં થોડીવાર માટે ભયનો માહોલ સર્જાયો હતો. સદનસીબે ડ્રાઈવરની સતર્કતાથી મુસાફરોનો બચાવ થયો છે.

# લાઠી, બાબરામાં લોક પ્રશ્નોનું નિવારણ કરતા ધારાસભ્ય તળાવીયા

લાઠી,તા.૦૪



સામાન્ય રીતે ચૂંટણી સમયે વચનો આપીને ચૂંટાઈ ગયેલા નેતાઓ ફરીવાર વિસ્તારમાં દેખાતા નથી તેવા અનેક કિસ્સાઓ બનતા હોય છે, પરંતુ અમરેલી જિલ્લાના લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા આ બાબતમાં અપવાદ સાબિત થયા છે. પ્રજાના પ્રાણપ્રશ્નો જાણવાની અને તેનું 'ચપટી'માં નિવારણ લાવવાની તેમની કાર્યશૈલીને કારણે તેઓ જનતાના સાચા જનપ્રતિનિધિ બન્યા છે. લાઠી, બાબરા અને દામનગર જેવા ત્રણ શહેરો અને ૧૧૦ જેટલા ગ્રામીણ વિસ્તારોમાં સુખ-સુવિધાઓ સાથે વિકાસના કામોને હંમેશા અગ્રતા આપતા ધારાસભ્યએ પોતાના લાઠી કાર્યાલય ખાતે 'જનતા લોક દરબાર'નું આયોજન કર્યું હતું. આ દરબારમાં લાઠી, બાબરા અને દામનગર શહેર સહિતના ગામડાઓના જનપ્રતિનિધિઓ, ખેડૂતો અને અગ્રણીઓએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. ધારાસભ્યએ 'ઓન ધ સ્પોટ' આ પ્રશ્નોનું નિવારણ લાવવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓને તાત્કાલિક સૂચનાઓ આપી હતી. એસ. ટી. બસ, વીજળી, ખેડૂતોની મુશ્કેલીઓ, રોડ-રસ્તા, ગટર અને સ્ટ્રીટ લાઈટ જેવી અનેક જટિલ સમસ્યાઓનો એક જ દિવસમાં નિકાલ કરવામાં આવ્યો હતો.

# રાજુલામાં આરોગ્ય જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે પ્રથમવાર નિઃશુલ્ક યોગ વર્ગનું આયોજન

**યોગ અભ્યાસનાં વર્ગો ૦૫ ડિસેમ્બરથી નિયમિત શરૂ થશે**

રાજુલા,તા.૦૪

રાજુલા શહેરમાં આરોગ્ય જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે નિઃશુલ્ક યોગ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. રાજુલા તાલુકામાં સૌપ્રથમ વખત યોગ બોર્ડ તથા દુર્ગાવાહિનીના સંયુક્ત ઉપક્રમે આ યોગ અભ્યાસ વર્ગો ૦૫ ડિસેમ્બરથી નિયમિત રીતે શરૂ થશે.

બહેનોના આરોગ્ય, માનસિક શાંતિ અને શારીરિક તંદુરસ્તીને ધ્યાનમાં રાખીને ખાસ અલગ યોગ કક્ષા રાખવામાં આવી છે.

આ બહેનો માટેના વર્ગનું સ્થળ સંઘવી શાળા નં. ૪ (ફોરેસ્ટ ઓફિસ બાજુમાં) રાખવામાં આવ્યું છે, જેમાં યોગાભ્યાસનો સમય સાંજે ૫:૩૦ થી ૬:૩૦ નક્કી કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત BAPS સ્વામિનારાયણ મંદિર, ડુંગર રોડ, રાજુલા ખાતે પણ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સર્વજન ભાગ લઈ શકે છે. આ યોગ શિબિરનો સમય સવારના ૭:૩૦ થી ૮:૩૦ રાખવામાં આવ્યો છે.

આ બંને યોગ શિબિરોમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન ફરજિયાત છે. રજીસ્ટ્રેશન માટે યોગ કોચ ભૂમિ મજુકોડિયાનો ૯૯૨૪૮ ૭૭૧૫૦ નંબર સંપર્ક કરવો.

# અમરેલી જિલ્લામાં ઠંડીનો ચમકારો

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો સડસડાટ નીચે ઉતરતા ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. જો કે હજુ આવનારા દિવસોમાં ઠંડી બોકાસો બોલાવશે. ઠંડીને કારણે ગરમ કપડાની બજારોમાં ધીમે-ધીમે તેજી દેખાઈ રહી છે. રાત્રીના સમયે કર્ફ્યુ જેવુ વાતાવરણ જોવા મળી રહ્યું છે તો વહેલી સવારે મોર્નિંગ વોક પર જનારા લોકોની સંખ્યા વધી રહી છે. જિલ્લામાં વહેલી સવારે ઝાકળનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.




BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



સંકુલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ – ડાયરેક્ટર જોઈએ છે.
★ ઈંગ્લીશ મિડીયમ KG થી ધો. ૧૨ કોમર્સ સાયંસ હાલ ની ICSE & GSEB સ્કૂલ તેમજ ભાવી CBSE સ્કૂલ સંભાળી શકે તેવા
★ ઈંગ્લીશ મિડીયમ માં ભણેલ અથવા ઈંગ્લીશ લેંગ્વેઝ ઉપર પ્રભુત્વ ધરાવતા ઉમેદવારે સંસ્થાનો સંપર્ક સાધવા વિનંતી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 153



શું તમને સાંભળવાની તકલીફ છે ?

☛ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
☛ બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
☛ જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

સાવરકુંડલાના માનવ મંદિર આશ્રમ ગુરૂકુળના એક વિદ્યાર્થીમાં 'કોંગો ફીવર' જોવા મળ્યો

# અમરેલી જિલ્લામાં ૧૨ વર્ષ પછી કોંગો ફીવર દેખાતા આરોગ્ય વિભાગ સતર્ક

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લામાં ૧૨ વર્ષના લાંબા ગાળા બાદ કોંગો હેમરેજિક ફીવરનો એક શંકાસ્પદ કેસ સામે આવતા આરોગ્ય વિભાગમાં હડકંપ મચી ગયો છે.

આ શંકાસ્પદ કેસ સાવરકુંડલા તાલુકાના માનવ મંદિર આશ્રમ ગુરુકુળના એક વિદ્યાર્થીમાં જોવા મળ્યો છે. વિદ્યાર્થીને તાવ અને ઉલટીના લક્ષણો જણાતા તેને તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. કેસની ગંભીરતા જોતા જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ તાત્કાલિક માનવ મંદિર પહોંચી હતી અને આશ્રમ, હોસ્ટેલ તેમજ ગૌશાળામાં સઘન તપાસ હાથ ધરી હતી. જિલ્લા મેડિકલ ઓફિસર એ.કે. સિંઘે કેસની પુષ્ટિ કરી હતી.



પશુ વિભાગની ટીમો દ્વારા ગૌશાળામાંથી વિવિધ પશુઓના સેમ્પલ લેવામાં આવ્યા છે. વળી, ચેપના ફેલાવાને રોકવા માટે ગૌશાળા અને આસપાસના વિસ્તારમાં દવાઓનો છંટકાવ પણ કરવામાં આવ્યો છે. અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષીએ જણાવ્યું કે, વિદ્યાર્થીનું બ્લડ સેમ્પલ ત્રીજી તારીખે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું છે, જોકે હાલમાં વિદ્યાર્થીની તબિયત સ્થિર અને સારી છે. ઉલ્લેખનીય છે કે, ૧૨ વર્ષ અગાઉ બાબરા તાલુકાના કરીયાણા સહિત સાવરકુંડલા, લીલીયા અને ધારીમાં પણ કોંગો ફીવરના કેસ નોંધાયા હતા. આરોગ્ય તંત્ર દ્વારા સઘન સર્વેલન્સ શરૂ કરવામાં આવ્યું છે.

**પશુઓથી ફેલાતા આ ખતરનાક રોગનું વાહક 'હનીમોરલ' પરજીવી છે**

પશુઓ દ્વારા ફેલાતો એક ખતરનાક રોગ માલધારી અને પશુપાલકો માટે જોખમી બની રહ્યો છે. આ રોગનું વાહક 'હનીમોરલ' નામનું પરજીવી છે, જે પશુઓની ચામડી પર ચોંટેલું હોય છે. ઈતરડી (Tick) ના કરડવાથી આ રોગની અસર થાય છે. ગાય અને ભેંસના પૂછડામાંથી ઈતરડી અન્ય જગ્યાએ ફેલાય છે. પશુઓ સાથે સતત સંપર્કમાં રહેતા માલધારી અને પશુપાલકોને આ રોગ થવાની શક્યતા ખૂબ વધારે રહે છે. તકેદારી રાખવી અનિવાર્ય છે.

**કોંગો ફીવરમાં તાવ, માથુ દુ:ખવું જેવા લક્ષણો**

કોંગો ફીવર જયારે થાય ત્યારે દર્દીને તાવ આવવો, માથુ દુ:ખવું, માંસપેશીઓ ખેંચાવી, ચક્કર આવવા, ઝાડા-ઉલ્ટી થવા સહિતના લક્ષણો દેખાય છે. જયારે કોઈ દર્દીને આવા લક્ષણો દેખાય એટલે તાત્કાલિક ડોક્ટરની સલાહ લેવી જોઈએ. જો આ રોગને નાથવા માટે યોગ્ય કાર્યવાહી કરવામાં ન આવે તો ક્યારેક તે જીવલેણ પણ બની શકે છે.

## રાજુલાના ચાર મહત્વના માર્ગની CRF ગ્રાન્ટ માટે ધારાસભ્ય હીરાભાઈની કેન્દ્રીય પ્રધાનને રજૂઆત

રાજુલા,તા.૦૪

રાજુલા તાલુકાના વિકાસને વેગ મળે અને ગ્રામ્ય વિસ્તારમાં પરિવહન સુવિધાઓ વધુ સુગમ બને તેવા હેતુથી ચાર મહત્વપૂર્ણ માર્ગોના પુનર્નિર્માણ માટે સેન્ટ્રલ રોડ ફંડ (CRF)માંથી ગ્રાન્ટ મંજૂર કરવાની માંગ ઉઠી છે. આ મુદ્દે રાજુલા-જાફરાબાદ-ખાંભા વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ કેન્દ્ર સરકારના માર્ગ



પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિનભાઈ ગડકરીને પત્ર પાઠવી તાત્કાલિક ધ્યાન આપવા વિનંતી કરી છે.

આ પત્રમાં ધારાસભ્ય સોલંકીએ જણાવ્યું છે કે આ વિસ્તારમાં અનેક ગામોને નેશનલ હાઈવે સાથે જોડતા કેટલાક રાજ્ય માર્ગો લાંબા સમયથી ખરાબ સ્થિતિમાં છે. પરિણામે ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને પરિવહન, આરોગ્ય સેવાઓ, કૃષિ ઉત્પાદનના પરિવહન અને દૈનિક આવનજાવનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેથી, ચાર મુખ્ય રસ્તાઓને નવીનીકરણ માટે CRF હેઠળ ગ્રાન્ટ મળે તો સમગ્ર વિસ્તારમાં વિકાસનું નવું પાનું લખાઈ શકે છે. આ ચાર માર્ગમાં (૧) હિંડોરણા–કાતર–ડેડાણ રોડ, (૨) રાજુલા–વીજપડી રોડ, (૩) ચાંચ–ખેરા–પટવા–સમઢીયાળા રોડ અને (૪) વિક્ટર ડુંગર–આશરાણા રોડનો સમાવેશ થાય છે.

## લીલીયાના સનાળીયાના વતની અને હાલ સુરતના હિરપરા પરિવારે પુત્રવધૂને દીકરી ગણી પરણાવી!

લીલીયા,તા.૦૪

લીલીયા તાલુકાના સનાળીયા ગામના વતની અને હાલ સુરત ખાતે રહેતા હિરપરા પરિવારમાં એક અનોખા અને હર્ષોલ્લાસભર્યા લગ્ન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. બાબુભાઈ મધુભાઈ હિરપરાનાં પુત્રવધૂને દીકરી ગણી પરણાવીને પરિવારે સમાજને એક નવો સંદેશ આપ્યો હતો. આ લગ્ન સુરતના કતારગામ ખાતેના ગાયત્રી મંદિરે રવિવારે યોજાયા હતા. દીકરી રૂપલ અને જમાઈ જયંતીએ ધાર્મિક વિધિ દરમિયાન પરંપરાગત રિવાજ મુજબ સાત ફેરા ફરીને નવા લગ્નજીવનની શરૂઆત કરી હતી.



નવદંપતીને શુભેચ્છાઓ પાઠવવા માટે રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા, પૂર્વ મંત્રી વલ્લભભાઈ કાકડીયા, અરજણભાઈ ધોળકિયા, જયંતીભાઈ નારોલા, સંજયભાઈ ઉકાણી, કે.ડી. નારોલા, ગોરધનભાઈ નારોલા, મનુભાઈ પાનસુરીયા, મહેશભાઈ શેલડીયા, મગનભાઈ વાલદોરીયા, લાભુભાઈ નારોલા, સુરેશભાઈ નારોલા (સમઢિયાળા ગંગાસતીના) સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા, તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## રાજકોટમાં યોજાયેલ રાજ્યકક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં અમરેલીની કે.પી. ધોળકીયા મહિલા કોલેજ ઝળકી

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત (અમરેલી) સંચાલિત અને ચક્કરગઢ રોડ સ્થિત શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) માં કાર્યરત કે.પી. ધોળકીયા ઈન્ફોટેક મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિ હાંસલ કરી છે. રાજકોટ મુકામે હેમુ ગઢવી હોલ ખાતે સરકાર દ્વારા રાજ્યકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કે.પી. ધોળકીયા ઈન્ફોટેક મહિલા કોલેજની



વિદ્યાર્થિનીઓએ 'પ્રાચીન ગરબા' કેટેગરીમાં ભાગ લીધો હતો. જેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને તેમણે રાજ્યકક્ષાએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી અભૂતપૂર્વ સફળતા મેળવી છે.

## સૌરાષ્ટ્રમાં ટેલિકોમ કંપની દ્વારા યુવાનોનું સખત શોષણ: ૧૫ કલાકની કરાવાતી મજૂરી

ચલાલા, તા.૦૪

સૌરાષ્ટ્રમાં એક અગ્રણી ટેલિકોમ કંપની દ્વારા મોબાઈલ નંબર પોર્ટેબિલિટી (MNP)ના કામ માટે રાખવામાં આવેલા 'પ્રમોટર' યુવાનોનું સખત શોષણ થઈ રહ્યું હોવાનો ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો છે. રોજગારીની તલાશમાં આવેલા યુવાનોની મજબૂરીનો ગેરલાભ ઉઠાવીને કંપની દ્વારા શ્રમ કાયદાનું ખુલ્લું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. યુવાનો પાસેથી સવારે ૬ વાગ્યાથી રાત્રિના મોડા સુધી, એટલે કે સતત ૧૪ થી ૧૫ કલાક કામ લેવામાં આવે છે. તેમને બપોરે જમવા (લંચ બ્રેક) માટે પણ પૂરતો સમય આપવામાં આવતો નથી. સૌથી ગંભીર બાબત એ છે કે, જો પ્રમોટરો દિવસ દરમિયાનનો નિર્ધારિત 'ટાર્ગેટ' પૂરો ન કરી શકે, તો તેમને ૧૫ કલાકની મજૂરી કરવા છતાં એક દિવસનું વેતન (દાડી) પણ ચૂકવવામાં આવતું નથી.

## સાવરકુંડલાની યુવતીને મુંબઈમાં સાસરિયાએ ત્રાસ આપ્યો

સાવરરકુંડલા, તા.૦૪

સાવરકુંડલામાં રહેતી એક યુવતી પર મુંબઈમાં સાસરિયાએ સિતમ ગુજાર્યો હતો. જેનાથી ત્રાહિમામ પોકાર્યા બાદ તે પિયર પરત ફરી હતી અને ફરિયાદ નોંધાવી હતી.

વૈશાલીબેન છગનભાઈ રાઠોડ (ઉ.વ.૩૨)એ મુંબઈમાં રહેતા પતિ દીપકભાઈ વિનોદભાઈ દાફડા, મંજુલાબેન વિનોદભાઈ દાફડા, વિનોદભાઈ નાજાભાઈ દાફડા તથા વૈભવભાઈ વિનોદભાઈ દાફડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ તેમને માનસિક અને શારીરિક દુઃખ ત્રાસ આપી જેમફાવે તેમ ગાળો દઈ તેના પતિએ અવારનવાર શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## ચલાલા તાલુકાના રામપરામાં સગીરાએ ગળાફાંસો ખાધો

ચલાલા, તા.૦૪

ચલાલાના રામપરામાં એક સગીરાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવતા ચકચાર મચી ગઈ હતી. મૂળ રાજસ્થાનના બાંસવાડાના વતની સુરેશભાઈ મોહનભાઈ પારગી (ઉ.વ.૨૧)ની ૧૭ વર્ષીય બહેનને છેલ્લા પાંચેક વર્ષથી માનસિક બીમારી હતી. તેણે ખેતરમાં આવેલ PGVCL થાંભલામાં વચ્ચે પાઈપનો ટુકડો લગાવ્યો હતો ત્યાં ચુંદડી બાંધી પોતાની મેળે ગળેફાંસો લગાવી મરણ પામી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પડવો
તા. ૦૫-૧૨-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૧૦,
સૂર્યાસ્ત-૦૫:૪૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

### દૈનિક રાશિફળ

તા.૦૫-૧૨-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઇને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે.

મકર: ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

## જાફરાબાદના ગૌરવ સમાન શેઠ ત્રિ.મા. લાઈબ્રેરી 'ખારા જળમાં મીઠી વીરડી' સાબિત થઈ

**૧૦ વાચકો સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરીને સરકારી નોકરી મેળવી ચુક્યા છે**

જાફરાબાદ,તા.૦૪

જાફરાબાદ શહેર માટે શેઠ ત્રિ.મા. લાઈબ્રેરી ગૌરવ સમાન અને 'ખારા જળમાં મીઠી વીરડી' સાબિત થઈ રહી છે. આ લાઈબ્રેરીમાં કાયમી વાચક તરીકે જ્ઞાનવર્ધક વાંચન કરી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરીને ૧૦ ઉપરાંતના વાચકો સરકારી નોકરી મેળવી ચૂક્યા છે, જે સંસ્થા માટે ગૌરવની બાબત છે. આ સફળતા પાછળ



તસવીર : બાબુ વાઢેળ

લાઈબ્રેરીના ટ્રસ્ટીગણની દીર્ઘદૃષ્ટી અને સ્થાનિક નિયામકની સતત નિગરાની મહત્વની રહી છે. ગ્રંથપાલ તેમજ એટેન્ડન્ટની અવિરત સેવાને કારણે કાયમી વાચકોને સમયસર અને સાનુકૂળ વાતાવરણ મળતું રહે છે, જેના ફળસ્વરૂપે તેઓ પ્રગતિના સોપાન સુધી પહોંચી શક્યા છે. આ લાઈબ્રેરી જાફરાબાદ માટે ગૌરવરૂપ છે અને ઉત્તરોત્તર વધુને વધુ વાચકોને આ સેવાનો લાભ મળતો રહે તેવી સૌએ ઈચ્છા વ્યક્ત કરી છે.

## જિલ્લાની હોટલમાં રોકાણ કરનાર ગ્રાહકની પથિક સોફ્ટવેરમાં ઓનલાઈન નોંધણી કરવી

અમરેલી,તા.૦૪

હોટેલમાં રોકાણ કરનાર ગ્રાહક, મુસાફરોની માહિતી 'પથિક' સોફ્ટવેરમાં ઓનલાઈન નોંધણી કરવા માટે અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. PATHIK સર્વર અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાંચ ખાતે કાર્યરત છે. ક્રાઈમ બ્રાંચ સોફ્ટવેર સાથે રજિસ્ટર થયેલા હોટેલ ધારક જ ક્રાઈમ બ્રાંચ ખાતેથી આપવામાં આવેલા યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. તમામ મુસાફરોની વિગતો પથિક સોફ્ટવેરમાં હોટેલના માલિક અથવા સંચાલકે અવશ્ય ભરવી. સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે બહુમાળી ભવન, એ-બ્લોક, પ્રથમ માળ રૂમ નંબર-૧૦૨, એસ.ઓ.જી. શાખા, અમરેલી ખાતેથી હોટલ સંચાલક, માલિકે હોટેલની વિગતો રજૂ કરી યુઝર આઈડી-પાસવર્ડ દિન-૧૦માં મેળવી લેવું.

**જિલ્લા મધ્યસ્થ બેન્કના ચેરમેન દિલીપ સંઘાણીના નેતૃત્વમાં સહકારથી સમૃદ્ધિ કાર્યક્રમ યોજાયો**

## રાજુલામાં અમરેલી જિલ્લા બેન્ક દ્વારા ડિજિટલ પેમેન્ટ અંગે માર્ગદર્શન અપાયુ

રાજુલા,તા.૦૪

રાજુલાની પટેલ વાડી ખાતે રાજુલા-અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક દ્વારા ચેરમેન દિલીપભાઈ સંઘાણીના નેતૃત્વમાં 'સહકારથી સમૃદ્ધિ' વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સહકારી ક્ષેત્રમાં ડિજિટલ પેમેન્ટનો વ્યાપ વધારવાનો અને ટેકનોલોજી આધારિત વ્યવહારોની આવશ્યકતા



તસવીર : ગોપાલ રાઠોડ

અંગે માર્ગદર્શન આપવાનો હતો. વક્તાઓએ જણાવ્યું કે 'એનીવેર, એનીટાઈમ' વિઝન માટે સહકારી સંસ્થાઓએ ઈન્ફોર્મેશન ટેકનોલોજી અપનાવવી અનિવાર્ય છે. ટેકનોલોજી દેશના આર્થિક વિકાસને વેગ આપી રાષ્ટ્રને સ્વનિર્ભરતા બક્ષે છે. વર્તમાન નાણાકીય અર્થવ્યવસ્થામાં સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવા IT અત્યંત જરૂરી છે. મહેમાનોએ ભારપૂર્વક જણાવ્યું કે ડિજિટલ વ્યવહાર સમયની માંગ છે અને તે સહકાર ક્ષેત્રને વધુ પારદર્શક અને મજબૂત બનાવશે. આ પ્રસંગે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જિલ્લા ખરીદ-વેચાણ સંઘના ચેરમેન જયંતિભાઈ પાનસુરીયા, AJMS બેંક લિ.ના સીઈઓ બી.એસ. કોઠીયા, GSC બેંકના જાહલભાઈ શેઠ, AJMS બેંક લિ.ના ડિરેક્ટર યોગેશભાઈ બારૈયા અને અમર ડેરીના જનરલ મેનેજર ધાર્મિક રામાણી સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**અશ્વિનભાઈ સાવલીયા, જનરલ એમડી કોઠીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા**

## સાવરકુંડલાના વીજપડી ગામના પુરુષનો મોબાઈલ ફોન પડી ગયો

સાવરકુંડલા, તા.૦૪

સાવરકુંડલાના વીજપડી ગામના પુરુષનો મોબાઈલ ફોન ચોરાયો હતો. રઘુવીર રામજીભાઈ ચાવડા (ઉ.વ.૨૩)એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના પિતા ટ્રેક્ટરની લારીમાં છાણીયુ ખાતર ભરીને વાડીએ જતા હતા ત્યારે રસ્તામાં તેમના ઘરની શેરીથી તેની કરિયાણાની દુકાનની વચ્ચે મોબાઈલ ફોન પડી ગયો હતો. જેની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

**તંત્રી લેખ**

## અમેરિકા-વેનેઝુએલા તણાવ: તેલ, રાજકારણ અને વૈશ્વિક સંઘર્ષની કથા

વિશ્વ રાજકારણના મંચ પર, અમેરિકા અને વેનેઝુએલાના સંબંધો તેલની સમૃદ્ધિ અને વિચારધારાના સંઘર્ષની એક જટિલ ગાથા છે. આ તણાવ માત્ર રાજકીય મતભેદોનું પરિણામ નથી, પરંતુ તે આર્થિક કટોકટી, માનવાધિકારના પ્રશ્નો અને વૈશ્વિક શક્તિઓના હિતોથી પણ જન્મેલો છે. વેનેઝુએલા, જે એક સમયે અમેરિકાનું નજીકનું મિત્ર ગણાતું હતું, તે છેલ્લા બે દાયકામાં તીવ્ર વિરોધી બની ગયું છે. વેનેઝુએલાના રાજકીય ઈતિહાસથી લઈને અમેરિકા સાથેના સંબંધોમાં તિરાડ પડવાના મુખ્ય કારણો સુધી રાજકીય ઈતિહાસ યાદ અપાવે છે કે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં વિશ્વાસના પુલને જોડવા માટે કેટલી ધીરજ અને સમજણની જરૂર પડે છે. વેનેઝુએલાનો રાજકીય માર્ગ મુશ્કેલ અને સંઘર્ષ ભર્યો રહ્યો છે. વેનેઝુએલાનો રાજકીય પ્રવાસ આઝાદીના ઉત્સાહથી શરૂ થઈને આજના ગંભીર સંકટ સુધી વિસ્તરેલો છે. ૧૮૧૧માં સિમોન બોલિવારના નેતૃત્વ હેઠળ સ્પેનિશ શાસનમાંથી મુક્ત થયા પછી, આ દેશે લશ્કરી શાસનો અને રાજકીય અસ્થિરતાનો લાંબો સમયગાળો જોયો. ૧૯૦૮ પછી તેલની શોધ થઈ, જેણે દેશના અર્થતંત્રને નવું જીવન આપ્યું, પણ જુઆન વિસેન્ટે ગોમેઝ જેવા શાસકોએ લાંબા સમય સુધી સત્તા જાળવી રાખી. ૧૯૫૮માં લોકશાહી સ્થપાઈ અને રાજકીય પક્ષો વચ્ચેની સમજૂતીથી દેશમાં શાંતિનું વાતાવરણ આવ્યું. જોકે, ૧૯૯૦ના દાયકામાં વધતા ભ્રષ્ટાચાર અને આર્થિક મુશ્કેલીઓએ લોકોમાં મોટો અસંતોષ પેદા કર્યો. ૧૯૯૯માં હુગો ચાવેઝની ચૂંટણીએ 'બોલિવારિયન ક્રાંતિ'ની શરૂઆત કરી. તેઓ સમાજવાદી સુધારાઓ લાવ્યા અને બંધારણીય પરિવર્તનો કર્યા. ૨૦૧૩માં ચાવેઝના અવસાન પછી નિકોલાસ માદુરોના શાસનમાં આર્થિક સંકટ, ભયંકર મોંઘવારી (હાઈપરઈન્ફ્લેશન) અને લોકશાહી સંસ્થાઓનું પતન થયું. તેલની સમૃદ્ધિ હોવા છતાં, સામાજિક અસમાનતા અને ગરીબી આ ઈતિહાસનું કેન્દ્ર રહી છે. સંબંધોમાં તિરાડ પડવાના મુખ્ય કારણો એક નહીં અનેક છે. અમેરિકા અને વેનેઝુએલાના સંબંધોની શરૂઆત તેલના મજબૂત વેપારી જોડાણથી થઈ હતી, જે શીતયુદ્ધ દરમિયાન પણ મજબૂત રહી. ૧૯૨૦ના દાયકાથી વેનેઝુએલા વિશ્વનું અગ્રણી તેલ ઉત્પાદક બન્યું, અને અમેરિકા તેનો મુખ્ય ખરીદદાર હતું. પરંતુ, ૧૯૯૯માં હુગો ચાવેઝના સત્તામાં આવતા જ આ શાંતિભર્યા સંબંધોમાં મોટી તિરાડ પડી. પૂર્વ સૈન્ય અધિકારી ચાવેઝે '૨૧મી સદીના સમાજવાદ'ની વાત કરી અને અમેરિકાના 'સામ્રાજ્યવાદ'નો ખુલ્લેઆમ વિરોધ શરૂ કર્યો. તેમની નીતિ હેઠળ વિદેશી તેલ કંપનીઓનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું, જેનાથી એક્સોનમોબિલ જેવી અમેરિકન કંપનીઓને અબજો ડોલરનું નુકસાન થયું. આના જવાબમાં અમેરિકાએ ચાવેઝને 'ખુદમુખ્તાર' (ડિક્ટેટર) ગણાવ્યા, જેનાથી અંગત સ્તરે પણ વિવાદ ઊભો થયો. ચાવેઝે ક્યુબા, ઈરાન અને રશિયા જેવા દેશો સાથે જોડાણ મજબૂત કર્યા, જે અમેરિકા માટે ચિંતાનો વિષય બન્યો. ૨૦૦૨માં થયેલા રાજકીય બળવા (જેમાં અમેરિકાની સંડોવણીના આક્ષેપો થયા) પછી સંબંધો વધુ બગડ્યા. વેનેઝુએલાએ અમેરિકન રાજદ્વારીઓને દેશમાંથી હાંકી કાઢ્યા અને બિન-સરકારી સંસ્થાઓ (NGOs) પર નિયંત્રણો મૂક્યા. પ્રતિબંધો અને આર્થિક વિનાશ પછી આ દેશ આર્થિક રીતે નબળો પડ્યો. ચાવેઝના મૃત્યુ પછી નિકોલાસ માદુરોના શાસન દરમિયાન તણાવ વધુ ઘેરો બન્યો. માદુરોએ સત્તા જાળવી રાખવા માટે ચૂંટણીઓમાં ગેરરીતિ કરી હોવાના આક્ષેપ થયા. ૨૦૧૭માં અમેરિકાએ તેમની રાષ્ટ્રીય બેઠકને 'ગેરબંધારણીય' ગણાવી અને આર્થિક પ્રતિબંધો મૂકવાની શરૂઆત કરી.

# અમેરિકાના પ્રતિબંધો વિરુદ્ધ પુતિનની ભારત યાત્રા વૈશ્વિક શક્તિને ચેલેન્જ કરે છે



નવી દિલ્હીના ખુશનુમા વાતાવરણ વચ્ચે એક વિશિષ્ટ ગંભીરતા જણાય છે. આ સમયે જ્યારે બે વિશ્વશક્તિઓના નેતાઓ – રશિયાના વ્લાદિમીર પુતિન અને ભારતના નરેન્દ્ર મોદી – હાથ મિલાવે છે. આ મુલાકાત માત્ર એક શિખર સંમેલન નથી; તે એક જટિલ ભૂરાજકીય કેન્દ્રબિંદુ છે, જે એક પ્રાચીન અને મજબૂત મૈત્રીના આધારે ઊભું છે, પરંતુ એક અસ્થિર અને ધ્રુવીકૃત વિશ્વમાં તેની દિશા શોધી રહ્યું છે. ભારત રશિયાની આ મૈત્રીનાં મૂળ ગહન અને ઐતિહાસિક છે. સોવિયેત સંઘના સમયથી જ, જ્યારે ભારત ગુટનિરપેક્ષ આંદોલનનું નેતૃત્વ કરતું હતું, ત્યારે રશિયા તેનો વિશ્વસનીય સાથી હતો. ૧૯૭૧ની સંધિ, જેણે દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ગતિ આપી, તે આજે પણ 'વિશેષ અને વિશ્વાસપાત્ર વ્યૂહાત્મક ભાગીદારી' તરીકે પરિપક્વ બની છે. ભારતને જ્યારે જ્યારે આવશ્યકતા પડી છે – ૧૯૭૧ના યુદ્ધમાં, અથવા આધુનિક સમયમાં અત્યાધુનિક રક્ષા સાધનોની જરૂરિયાતમાં – રશિયા એક સ્થિર સ્રોત રહ્યો છે. આ સંબંધ કાગળ પરની સહમતિ કરતાં વધુ છે; તે એક ભાવનાત્મક બંધન છે, જે સંસ્કૃતિ, વિજ્ઞાન અને અવકાશ સહયોગથી લઈને ભારતના સમૃદ્ધ તેલશોધન ક્ષેત્રોના વિકાસ સુધી વિસ્તરેલું છે. અને આજે, જ્યારે પુતિન યુક્રેન યુદ્ધના આક્રોશ અને પશ્ચિમના કડક પ્રતિબંધો વચ્ચે ફસાયેલા છે, ત્યારે ભારતનો સહયોગ એક આશ્રયસ્થાન અને વ્યૂહાત્મક આઉટલેટ બની રહ્યો છે. આ યાત્રા એક સંદેશ છે: ભારત પોતાની સ્વતંત્ર વિદેશ નીતિની કિંમતે પણ પરંપરાગત મિત્રોને નહીં છોડે. પરંતુ આ નિષ્ઠા એકબાજુથી ભારે કિંમત લાવે છે. વોશિંગ્ટનમાં, આ મુલાકાતને એક લાલ ઝંડા તરીકે જોવાઈ રહી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પની 'યુદ્ધને ખોરાક આપવા'ની ટીકા ફક્ત એક સપાટી છે. ઊંડે જોતાં, અમેરિકાની ચિંતા છે કે ભારત રશિયાને આર્થિક સહાય આપી રહ્યું છે – પ્રતિબંધોને નિષ્ફળ કરીને, ભારત રશિયા વૈકલ્પિક વેપારી માર્ગો ખોલીને પશ્ચિમના દબાવના પ્રયાસોને નબળા પાડી રહ્યું છે.

આ એક મુશ્કેલ સંતુલનની કળા છે, જેમાં ભારત નિપુણતા દાખવી રહ્યું છે. એક તરફ, તે રશિયા સાથે વેપારને ઉત્સાહથી વધારે છે: તેલની ખરીદીમાં વધારો, જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમ જેવા રક્ષા કરારો અને સંયુક્ત ટેક્નોલોજી સહયોગ. બીજી તરફ, તે QUAD જેવા પશ્ચિમી ગઠબંધનો એક સક્રિય સભ્ય છે, જે ભારત-પ્રશાંત ક્ષેત્રમાં ચીનની આક્રમકતાને સંબોધે છે. કેટલાક વિવેચકો આને 'ડબલ ગેમ' કહે છે, પરંતુ ભારતના નીતિ નિર્માતાઓ માટે, તે 'મલ્ટિ-એલાઈનમેન્ટ'નું એક વ્યવહારુ અને આવશ્યક દર્શન

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય કોઈ એક શક્તિને ખુશ કરવો નથી, પરંતુ રાષ્ટ્રીય હિતોનું સંરક્ષણ કરવું છે – ઊર્જા સુરક્ષા, સૈન્ય આધુનિકીકરણ અને આર્થિક વૃદ્ધિ. પુતિનની યાત્રાનું મહત્વ આ જટિલતામાં રહેલું છે.

દરેક હસ્તાક્ષર, દરેક સંયુક્ત જાહેરાત, ફક્ત દ્વિપક્ષીય સહકાર જ નહીં, પણ વૈશ્વિક શક્તિ સંતુલન પર એક ટિપ્પણી છે. તે રશિયાને સૂચવે છે કે તે એકલું નથી. અને તે અમેરિકાને યાદ અપાવે છે કે ભારત જેવા મહત્વપૂર્ણ ભાગીદાર પર દબાણ બનાવવું એ જોખમભરી રમત છે. ભારતે સૂચવ્યું છે કે પ્રતિબંધોની જગ્યાએ વાટાઘાટો થવી જોઈએ. મોદીએ જાહેરમાં કહ્યું છે, ×શાંતિ વાતચીતથી જ આવે છે.× આ વિશ્વાસનું એક સૂક્ષ્મ પુનરાવર્તન છે, જે રશિયા અને યુક્રેન બંનેને સંબોધે છે. ભવિષ્યનો માર્ગ અનિશ્ચિત છે. અમેરિકા પ્રતિબંધોની ધમકી આપી શકે છે, જે ભારત-અમેરિકા વેપારને નુકસાન કરશે. પરંતુ ભારતે પણ પોતાના પ્રયાસો વધાર્યા છે. તે મધ્ય પૂર્વ અને અમેરિકામાંથી ઊર્જા આયાત વૈવિધ્યકરણ પર ધ્યાન આપી રહ્યું છે, અને ડ્રોન ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં અમેરિકા સાથે સહયોગને પ્રોત્સાહન આપી રહ્યું છે. તેનો ઉદ્દેશ રશિયાને બદલવાનો નથી, પરંતુ પોતાના વિકલ્પો વધારવાનો છે. આખરે, આ યાત્રા એક પ્રતીક છે – એક બદલાતા વિશ્વમાં વફાદારી, વ્યવહારદક્ષતા અને સ્વતંત્રતાનું એક જટિલ પ્રતીક. તે એક અનુસ્મરણ છે કે શીતયુદ્ધની સરળ દ્વિધ્રુવી વ્યવસ્થા સમાપ્ત થઈ ગઈ છે. નવી વૈશ્વિક વ્યવસ્થા વધુ બહુમુખી, વધુ અસ્થિર અને વધુ વ્યૂહાત્મક રીતે સૂચનાત્મક છે.

ભારત, તેની પ્રાચીન રશિયન મૈત્રી અને તેના પશ્ચિમી સંબંધો બંનેને સાથે લઈને, આ નવી વાસ્તવિકતાનું એક આદર્શ પ્રતીનિધિત્વ કરે છે. પુતિન અને મોદીની ચર્ચાઓનું પરિણામ ફક્ત દ્વિપક્ષીય કરારોમાં જ નહીં, પણ તે સંકેતોમાં પણ રહેશે જે તેઓ વૈશ્વિક સમુદાયને મોકલે છે: કે શક્તિની ભાષા એકધ્રુવીય નથી રહી, અને કે ભૂરાજકીય નીતિનું ભવિષ્ય એકબીજાને બાદ કરવાને બદલે, વિશિષ્ટ ગૂંચવણભર્યા સંબંધોને સંતુલિત કરવાની કળામાં રહેલું છે. આ બાબત હજી ચાલુ છે, અને ભારત તેના કેન્દ્રમાં ઊભું છે, શાંતિપૂર્વક પરંતુ દૃઢતાપૂર્વક, પોતાની ચાલ ચાલી રહ્યું છે.

**વોશિંગ્ટનની ચેતવણીઓને અવગણીને, ભારત રશિયા સાથેના તેના રક્ષા, ઊર્જા અને વેપારી સહકારને મજબૂત કરી રહ્યું છે. આ મુલાકાત એક સ્પષ્ટ સંદેશ છે: રાષ્ટ્રીય હિત વૈશ્વિક દબાણ કરતાં શ્રેષ્ઠ છે**

## શબ્દ સંજોગ-૨૧૧૨



**આડી ચાવી :**
(૧) નાટકના વસ્તુનો પાંચમાનો એક સંધિ (૪)
(૪) સારી પેઠે પાણીવાળું (૩)
(૭) વેદ, ધર્મશાસ્ત્ર (૩)
(૯) આંખનો પલકારો (૩)
(૧૧) બંધન, નિયંત્રણ (૩)
(૧૩) એક કંદ (૩)
(૧૫) માનસિક પીડા (અ) (૨)
(૧૬) ભાગીયાનો ભાગ (૩)
(૧૭) રાજેશ ખન્નાની ફિલ્મ:... મિલો સજના (૨)
(૧૮) ચાકરી, સેવા (૩)
(૨૦) ઘુવડ (૩)
(૨૨) પુત્ર (૨)
(૨૩) ખબર (અ) (૨)
(૨૫) કેફી (૩)
(૨૮) વારસને મળેલી મરનારની મિલકત (૩)
(૩૦) રાજસ્થાનની એક જાણીતી મીઠાઈ (૩)
(૩૨) એક સ્વાદ (૨)
(૩૩) મેલુ (૩)
(૩૪) દશરથ રાજાની પુત્રવધૂ (૨)

**ઉભી ચાવી :**
(૧) કામ કરવા નિયુકત કરેલો માણસ (૪)
(૨) પેઢીનો મુખ્ય ગુમાસ્તો (૩)
(૩) ગ્રહ, દેવ (૨)
(૫) સુરતનું...ને કાશીનું મરણ (૩)
(૬) વડની મૂડી (૨)
(૮) દક્ષિણમાં આવેલો ચંદનના જંગલવાળો પર્વત (૩)
(૧૦) શુધ્ધ સોનું (૩)
(૧૨) અરીસો, દર્પણ (આ-અ) (૩)
(૧૪) નિત્ય પ્રકાશમય (૪)
(૧૬) નાની કરવતી (૨)
(૧૭) અનાજને બાફવા માટે પહેલેથી પાણી મૂકવું તે (૩)
(૧૯) ઝીણી કાંકરી (૪)
(૨૧) પૂરી ભરતી આવ્યે ૧૨ મિનિટ પાણી થોભે છે તે (૨)
(૨૨) બુધ્ધનું ઉપદેશ-વચન (૨)
(૨૪) વર્ણ કે નાતનો ભેદસૂચક વર્ગ (૨)
(૨૬) ધર્મશાળા (૩)
(૨૭) એક ધાન્ય (૨)
(૨૯) એક વાર (૨)
(૩૦) નશો, કેફ (૨)
(૩૧) રોગના જંતુઓની બનાવેલી દવા (૨)

## શબ્દ સંજોગ-૨૧૧૧ જવાબ

**આડી ચાવી:** (૧) અભાગી (૩) જવર (૫) લોભ (૬) મન (૭) અલંગ (૮) સંગત (૯) અમાપ (૧૨) પૂછતાછ (૧૩) લોકગીત (૧૫) રત (૧૭) વાટ (૧૮) આબ (૨૦) ભોંય (૨૧) તોલે (૨૨) ભરત (૨૪) રોગ (૨૬) લફરુ (૨૭) ડોકરી. **ઉભી ચાવી:** (૧) અમથું (૨) ભાન (૩) જવલંત (૪) રગ (૫) લોકમાતા (૭) અગણિત (૯) અછત (૧૦) પછડાટ (૧૧) હાક (૧૨) પૂર (૧૩) લોઢું (૧૪) ગીધ (૧૬) છબરડો (૧૭) વાયરો (૧૮) ગલેફ (૧૯) આભ (૨૩) તક (૨૫) ગર્ભ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૫૬૯ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૯૩૬ |
| જુવાર લાલ | ૬૬૦ | ૧૦૨૧ |
| બાજરી | ૩૪૦ | ૩૭૨ |
| તુવેર | ૮૬૦ | ૧૨૯૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૧૮૧૪ |
| અડદ | ૯૦૦ | ૧૪૩૦ |
| મગ | ૧૧૫૦ | ૧૭૮૦ |
| વાલ દેશી | ૫૫૦ | ૮૧૧ |
| ચોળી | ૮૪૦ | ૧૨૩૦ |
| મઠ | ૯૦૦ | ૧૭૦૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૭૦૦ |
| કળથી | ૩૭૫ | ૭૨૦ |
| રાજમા | ૯૦૦ | ૧૪૮૦ |
| મગફળી જાડી | ૧૦૨૦ | ૧૪૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૮૦ |
| તલી | ૧૮૫૦ | ૨૩૦૦ |
| એરંડા | ૧૦૬૦ | ૧૩૫૫ |
| અજમો | ૧૫૦૦ | ૨૦૫૦ |
| સોયાબીન | ૭૬૦ | ૯૭૧ |
| સીંગફાડા | ૯૮૧ | ૧૪૪૪ |
| કાળા તલ | ૩૭૦૦ | ૫૨૦૦ |
| લસણ | ૬૯૫ | ૯૮૦ |
| ધાણા | ૧૪૨૦ | ૧૮૮૦ |
| મરચા સુકા | ૧૨૯૦ | ૩૬૦૦ |
| ધાણી | ૧૪૩૦ | ૨૦૪૮ |
| વરીયાળી | ૭૫૧ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૫૭૫ | ૪૦૩૦ |
| રાય | ૧૪૦૧ | ૧૯૮૨ |
| મેથી | ૯૦૪ | ૧૪૮૫ |
| ઇસબગુલ | ૧૧૪૦ | ૧૨૩૦ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૪૬૫૦ |
| રાયડો | ૧૨૦૫ | ૧૩૨૫ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૯૦૮૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૪૬ | ૪૯૪ |
| પપૈયા | ૬૧ | ૮૭ |
| બટેટા | ૧૮૬ | ૪૧૯ |
| ડુંગળી સુકી | ૪૫ | ૧૮૧ |
| ટમેટા | ૪૯૨ | ૮૫૩ |
| સુરણ | ૫૦૬ | ૮૧૨ |
| કોથમરી | ૨૦૧ | ૩૧૧ |
| મુળા | ૨૫૪ | ૩૫૬ |
| રીંગણા | ૫૨૧ | ૭૮૯ |
| કોબીજ | ૧૦૪ | ૨૪૧ |
| ફ્લાવર | ૫૧૧ | ૭૨૧ |
| ભીંડો | ૭૦૯ | ૧૨૧૪ |
| ગુવાર | ૧૦૧૪ | ૧૮૨૧ |
| ચોળાસીંગ | ૫૦૮ | ૭૧૬ |
| વાલોળ | ૮૦૬ | ૧૨૧૩ |
| ટીંડોરા | ૩૯૧ | ૮૦૭ |
| દુધી | ૨૧૧ | ૪૦૬ |
| કારેલા | ૩૮૨ | ૬૧૩ |
| સરગવો | ૧૨૧૩ | ૧૭૯૦ |
| તુરીયા | ૮૮૨ | ૧૦૧૪ |
| પરવર | ૮૦૬ | ૧૨૦૬ |
| કાકડી | ૪૧૩ | ૭૧૧ |

| | | |
|---|---|---|
| ગાજર | ૩૯૨ | ૫૯૬ |
| વટાણા | ૯૯૦ | ૧૧૧૬ |
| તુવેરસીંગ | ૪૮૨ | ૮૧૭ |
| ગલકા | ૨૯૨ | ૬૧૪ |
| બીટ | ૨૦૬ | ૩૬૪ |
| મેથી | ૮૦૭ | ૧૨૨૧ |
| વાલ | ૭૯૧ | ૧૦૧૯ |
| ડુંગળી લીલી | ૨૯૪ | ૪૦૬ |
| આદુ | ૧૦૧૧ | ૧૨૨૧ |
| ચણા લીલા | ૫૮ | ૪૦૯ |
| મરચા લીલા | ૨૯૧ | ૬૦૪ |
| હળદર લીલી | ૪૧૦ | ૫૧૭ |
| લસણ લીલું | ૭૮૨ | ૧૪૧૬ |
| મકાઇ લીલી | ૨૮૩ | ૪૨૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૩૧ | ૧૫૧૬ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૫૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૪૦ |
| મગફળી જીણી | ૮૮૧ | ૧૩૭૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૭૬ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૩૮૧ |
| જીરૂ | ૨૮૫૧ | ૪૦૫૧ |
| ધાણા | ૯૦૧ | ૧૯૬૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૮૩૧ |
| ડુંગળી લાલ | ૪૬ | ૨૮૧ |
| અડદ | ૮૧૧ | ૧૨૫૧ |
| તુવેર | ૯૪૧ | ૧૨૭૧ |
| રાયડો | ૧૨૨૬ | ૧૨૬૧ |
| રાય | ૧૬૭૬ | ૧૮૦૧ |
| મેથી | ૭૦૦ | ૧૦૯૧ |
| કાંગ | ૩૫૦ | ૫૯૧ |
| મરચા | ૭૫૧ | ૪૦૦૧ |
| મગફળી જાડી | ૮૨૧ | ૧૩૩૧ |
| સફેદ ચણા | ૧૦૧૧ | ૨૦૪૧ |
| મગફળી ૬૬ | ૧૦૧૧ | ૧૪૭૧ |
| તલ - તલી | ૧૨૦૦ | ૨૨૭૧ |
| ધાણી | ૧૦૨૬ | ૧૯૬૧ |
| ડુંગળી સફેદ | ૫૦ | ૨૮૬ |
| બાજરો | ૩૪૧ | ૪૩૧ |
| જુવાર | ૩૨૧ | ૩૨૧ |
| મકાઇ | ૫૧૧ | ૫૧૧ |
| મગ | ૭૫૧ | ૧૬૫૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૮૧ |
| વાલ | ૨૮૧ | ૯૯૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૧૧૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૫૬ |
| કળથી | ૪૨૦ | ૪૨૦ |
| ગોગળી | ૬૮૧ | ૯૩૧ |
| વટાણા | ૧૨૦૧ | ૧૩૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા | ૪૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૦૦ | ૭૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૪૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| વાલ | ૫૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૫૦ | ૪૦૦ |
| અંબાળા | ૫૦૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૭ |
| તાંજરીયા પુરા | ૪ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચ્રણ | ૭૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૫૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૩ | ૭ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| લસણ પુરા | ૫ | ૮ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૩૦ | ૧૩૩૦ |
| શીંગ ગીરનાર | ૧૦૦૩ | ૧૩૨૦ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૩૫૫ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૮૬ |
| તલ કાળા | ૨૦૭૦ | ૫૪૫૦ |
| તલ કાશ્મીરી | ૨૦૧૫ | ૨૨૫૦ |
| બાજરો | ૫૮૨ | ૫૮૨ |
| જુવાર | ૭૪૦ | ૮૪૫ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૪૧ |
| ઘઉં લોકવન | ૪૮૧ | ૫૪૧ |
| મકાઈ | ૩૧૦ | ૩૧૦ |
| મગ | ૮૦૦ | ૧૪૯૫ |
| અડદ | ૯૦૫ | ૧૩૦૦ |
| ચણા | ૮૨૩ | ૧૦૫૭ |
| ચણા દેશી | ૧૦૭૦ | ૧૦૭૦ |
| સફેદ ચણા | ૭૪૦ | ૧૦૬૦ |
| તુવેર | ૮૦૦ | ૧૨૬૦ |
| કપાસ | ૯૭૧ | ૧૫૩૮ |
| એરંડા | ૧૧૪૨ | ૧૩૧૭ |
| જીરૂ | ૨૪૫૦ | ૩૯૫૦ |
| ધાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૬૯૧ | ૮૮૪ |
| મરચાં લાંબા | ૭૯૦ | ૩૩૯૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૮૨૦ | ૧૨૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૨૦ | ૩૫૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટા | ૬૨૦ | ૭૪૦ |
| સુરણ | ૫૦૦ | ૭૫૦ |
| ગાજર | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૨૨૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૪૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| મુળા | ૨૦૦ | ૩૨૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૦૪૦ | ૧૨૫૦ |
| ચોળા લીલા | ૩૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૨૦ | ૧૧૦૦ |
| આમળા | ૫૨૦ | ૭૨૦ |
| વાલ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૯૨૦ | ૧૨૪૦ |
| કોથમીર | ૧૨૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૯૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૩૨૦ | ૪૦૦ |
| બીટ | ૩૨૦ | ૪૦૦ |
| તુવેર | ૬૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૨૮૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૧૨૪૦ |
| લસણ સુકું | ૪૨૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૨૦ | ૪૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૨૫૧ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૩૭૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૫૩ |
| તલ કાળા | ૪૫૦૦ | ૫૦૭૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૧૦૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૬૫ |
| બાજરો | ૩૫૦ | ૫૩૮ |
| જુવાર | ૭૦૦ | ૯૪૦ |
| અડદ | ૭૮૦ | ૧૦૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૩૦ |
| તુવેર | ૮૪૬ | ૧૧૮૦ |
| મેથી-ચોળી | ૧૪૩૧ | - |
| સોયાબીન | ૬૫૦ | ૮૫૧ |
| વાલ | ૪૬૧ | - |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૧ | ૧૪૫૫ |
| કપાસ કોડી | ૯૦૧ | ૧૧૯૬ |
| મગફળી | ૯૦૬ | ૧૨૫૧ |
| ઘઉં | ૪૬૦ | ૫૨૫ |
| ચણા | ૮૮૫ | ૧૦૫૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| શિંગદાણા | ૧૧૯૫ | ૧૩૧૩ |
| બાજરો | ૩૮૫ | ૩૮૫ |
| મેથી | ૯૦૫ | ૯૦૫ |
| એરંડા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| સોયાબીન | ૭૧૭ | ૮૬૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૨૭ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૨૫ |

| | | |
|---|---|---|
| અડદ | ૯૦૦ | ૧૦૩૦ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૪૦ |
| ધાણા | ૧૮૦૦ | ૧૮૭૫ |
| મેથી | ૮૦૦ | ૮૨૫ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૩૪ |
| સોયાબીન | ૮૧૦ | ૮૮૪ |
| જુવાર | ૬૦૦ | ૬૨૦ |
| મગફળી | ૮૨૫ | ૧૦૩૦ |
| ચણા છોલે | ૧૬૦૦ | ૧૬૫૦ |
| શીંગ ફાડા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૯૫૦ | ૯૫૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૩૮ | ૧૫૬૦ |
| કપાસ | ૬૯૦ | ૧૦૬૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૧૧ | ૧૨૨૭ |
| તલ સફેદ | ૧૮૬૧ | ૨૪૭૬ |
| તલ કાળા | ૩૦૦૧ | ૩૦૦૧ |
| તલ પીળા | ૨૨૨૩ | ૨૨૨૩ |
| કપાસ | ૯૦૦ | ૧૪૭૯ |
| બાજરો | ૩૭૧ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૬ |
| જુવાર | ૪૪૦ | ૧૦૦૦ |
| મગ | ૯૭૦ | ૨૨૫૧ |
| તુવેર | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૧૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૫૦ |
| રાય | ૧૭૫૫ | ૧૭૫૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૯૦ | ૧૫૧૫ |
| કપાસ કોડી | ૧૦૭૬ | ૧૨૬૧ |
| મગફળી | ૯૯૯ | ૧૨૪૧ |
| સોયાબીન | ૮૧૧ | ૮૫૦ |
| વાલ | ૬૦૧ | ૬૦૧ |
| ઘઉં | ૫૫૧ | ૫૫૧ |
| મેથી | ૮૦૧ | ૮૦૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૪૦ | ૧૫૪૦ |
| કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૧૦ |
| મગફળી ૨૦ | ૧૦૦૯ | ૧૩૨૧ |
| અડદ | ૯૧૦ | ૧૨૩૦ |
| ચણા | ૯૭૮ | ૧૦૯૨ |
| જીરૂ | ૩૨૩૦ | ૩૯૯૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૦ |
| તલ સફેદ | ૧૬૮૫ | ૨૦૮૫ |
| તલ કાળા | ૩૧૨૦ | ૪૬૭૦ |
| સોયાબીન | ૭૯૫ | ૮૬૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૧૦ | ૧૫૮૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૦ |
| બાજરો | ૨૦૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૫૦ | ૪૦૦ |
| મગ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૮૦ |
| અડદ | ૮૦૦ | ૧૩૨૦ |
| તુવેર | ૮૫૦ | ૧૨૦૦ |
| મગફળી | ૮૪૬ | ૧૩૦૨ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| શીંગ ફાડા | ૯૦૦ | ૧૧૮૦ |
| સફેદ તલ | ૧૧૮૦ | ૧૯૭૦ |
| મેથી | ૫૦૦ | ૮૦૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૨૦૦ |

| | | |
|---|---|---|
| ધાણા | ૧૧૦૦ | ૧૯૦૦ |
| લસણ | ૨૦૦ | ૫૧૦ |
| સોયાબીન | ૬૫૦ | ૯૧૨ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૮૬૫ | ૧૨૭૬ |
| શીંગ ૩૯ | ૮૫૮ | ૧૨૩૨ |
| શીંગ ગીરનારી | ૯૦૯ | ૧૩૩૬ |
| શીંગ જી-૨૦ | ૯૪૮ | ૧૩૦૯ |
| જુવાર | ૨૫૦ | ૬૭૨ |
| બાજરી | ૩૫૧ | ૬૨૪ |
| બાજરો | ૧૫૦૦ | ૨૧૩૦ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૧૮ |
| મકાઇ | ૩૭૫ | ૬૨૪ |
| અડદ | ૭૪૦ | ૧૪૩૬ |
| મગ | ૫૭૦ | ૧૪૩૬ |
| સોયાબીન | ૮૪૫ | ૯૨૦ |
| ચણા | ૧૦૦૯ | ૧૦૦૯ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૮૧ |
| તલ કાળા | ૧૫૭૫ | ૪૮૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લાલ | ૬૮ | ૨૨૨ |
| ડુંગળી સફેદ | ૧૧૧ | ૨૨૯ |
| ડુંગળીસફેદ એક્સપોર્ટ | ૨૫૧ | ૬૭૨ |
| કપાસ શંકર | ૬૮૨ | ૧૪૫૨ |
| નાળીયેર | ૨૦૦ | ૨૬૪૮ |
| **કોડીનાર** | | |
| કપાસ ડોળાસા | ૯૮૦ | ૧૪૭૦ |
| મગફળી જી-૨૦ | ૯૭૧ | ૧૩૫૮ |
| મગફળી ૩૨ | ૯૧૧ | ૧૩૬૬ |
| બાજરો | ૩૫૦ | ૫૪૨ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૧ |
| જુવાર | ૭૫૦ | ૯૦૪ |
| અડદ | ૬૫૦ | ૧૪૬૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૬ |
| તલ | ૧૪૫૦ | ૨૧૭૬ |
| તલ કાળા | ૩૩૫૦ | ૫૦૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૩૧ |
| કાંગ | ૪૨૫ | ૫૦૬ |
| **જામનગર** | | |
| બાજરો | ૨૦૦ | ૪૫૦ |
| બાજરો | ૩૬૦ | ૪૩૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૦ |
| મગ | ૯૦૦ | ૧૧૯૦ |
| અડદ | ૯૦૦ | ૧૨૮૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૧૩૫ |
| વાલ | ૩૦૦ | ૫૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૮૪ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૧૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૮૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૩૦૦ |
| મગફળી ૬૬નં. | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૫૭૫ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૧૫ |
| તલ | ૮૦૦ | ૨૪૦૦ |
| લસણ | ૫૮૦ | ૧૦૭૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૯૫૫ |
| અજમો | ૧૫૦૦ | ૨૪૫૦ |
| અજમાની ભુકી | ૫૦ | ૧૭૯૦ |
| ધાણા | ૧૮૦૦ | ૧૮૪૦ |
| મરચા | ૧૦૦૦ | ૩૬૦૫ |
| ડુંગળી સુકી | ૪૦ | ૨૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૫ |
| વટાણા | ૧૦૦૦ | ૨૦૫૫ |
| રાજમા | ૩૯૦ | ૧૨૫૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પ્રગતિશીલ અભિગમ જીવનને સફળતા તરફ દોરે છે: કાનજીભાઈ ભાલાળા

સુરત, તા.૦૪



સુરત ખાતે શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા જમનાબા વિદ્યાર્થી ભવનમાં ૧૩૯મો "થર્સ-ડે થોટ" વિચારોનું વાવેતર કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો હતો. કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ બાળકોની કલ્પના શક્તિ, જીવનમાં અભિગમનું મહત્વ અને મનુષ્યના વિકાસ પર પ્રેરણાદાયક વિચારો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું કે માણસના વિચારો અને અભિગમ જ જીવનનું દિશાનિર્દેશ કરે છે. "સારું માણસ બનવાની ઈચ્છા જ પ્રગતિશીલ અભિગમની સાચી દિશા છે," એમ તેમણે ભારપૂર્વક કહ્યું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે "માય મોલ"ના ફાઉન્ડર મેહુલભાઈ હિરપરાએ કરિયાણાની દુકાનથી સફળ બ્રાન્ડ સુધીની પોતાની પ્રેરણાદાયક સફર સંભળાવી. ધો. ૯ સુધી અભ્યાસ કર્યા બાદ પણ મોટા સપનાઓ સાથે કામ કરવાની ટેવ અને નવા વિચારો અપનાવવાની હિંમત જ સફળતાનું રહસ્ય છે, એમ તેમણે જણાવ્યું. હિરપરા પરિવાર તરફથી જમનાબા ભવન નિર્માણ માટે રૂ. ૨૧ લાખનો સહયોગ જાહેર કરતા તેમને દાતા ટ્રસ્ટી તરીકે સન્માનિત કરવામાં આવ્યા. દક્ષિણ ગુજરાતના રિજનલ કમિશનર આર.સી. પટેલે કાર્યક્રમમાં માનસિક ઉંમર અને સકારાત્મક વિચારોની શક્તિ વિશે ઉદ્‌બોધન કર્યું. તેમણે "વિચારોનું વાવેતર" કાર્યક્રમને ઊર્જાનું કેન્દ્ર ગણાવ્યો.

# રાજુલા BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતિ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાશે

રાજુલા,તા.૦૪



રાજુલા શહેરના ડુંગર રોડ સ્થિત બી.એ.પી.એસ. (BAPS) સ્વામિનારાયણ મંદિર ખાતે પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતિ પર્વ નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ કેમ્પ આગામી તા. ૦૭.૧૨.૨૦૨૫ ના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૧:૩૦ કલાક સુધી યોજાશે. આ કેમ્પને સફળ બનાવવા માટે યોગીપુરુષ સ્વામી તથા નારાયણસેવક સ્વામી અને કાર્યકરો દ્વારા જોરશોરથી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે અનેક સાધુ-સંતો, અગ્રણીઓ, કાર્યકરો તેમજ શહેરના ગણમાન્ય નાગરિકો ખાસ ઉપસ્થિત રહેશે. રક્તદાનને મહાદાન માનવામાં આવે છે, કારણ કે લોહીનું એક ટીપું પણ કોઈનું જીવન બચાવી શકે છે.

સમાજસેવા અને માનવકલ્યાણના ઉદ્દેશ્ય સાથે યોજાનાર આ સેવાયજ્ઞમાં વધુમાં વધુ લોકો જોડાય અને ઉત્સાહપૂર્વક રક્તદાન કરે તેવી જાહેર અપીલ કરવામાં આવી છે.

**તા. ૭ ડિસેમ્બરે આયોજન; સાધુ-સંતો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં રક્તદાન કરવા લોકોને અપીલ**

# અમરેલીમાં આજે દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, ૦૪



અમરેલી જિલ્લામાં તા. ૦૫ ડિસેમ્બર, ૨૦૨૫ શુક્રવારે 'દિવ્યાંગ સાધન સહાય વિતરણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની આગેવાની ઉર્જા અને કાયદો-ન્યાય રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને થશે. શહેરના ડો. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહીને દિવ્યાંગજનોને સાધન સહાય વિતરણ કરશે. મુખ્ય મહેમાન તરીકે જિલ્લાના ધારાસભ્યો, જિલ્લા પોલીસ અધિક્ષક અને અન્ય મહાનુભાવોની હાજરી રહેશે.

# મોટી કુંકાવાવ ખાતે ખેડૂત મિત્રો માટે નોમિની સેવા-સહાય કેમ્પનું આયોજન

મોટી કુંકાવાવ, તા.૦૪



મોટા કુંકાવાવ તાલુકાના ૪૫ ગામના ખેડૂતોને સરળ અને સુગમ સેવાઓ આપવા માટે શ્રી સહયોગ નાગરિક શરાફી સહકારી મંડળી લી., મોટી કુંકાવાવ ખાતે નૉમિની નોંધણી માટે વિશેષ સેવા–સહાય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો ઉદ્દેશ્ય છે કે ખેડૂતોને એક જ સ્થળે જરૂરી કામગીરી પૂર્ણ કરવાની સહાયતા મળી શકે. કેમ્પ દરમિયાન, મફત સેવાઓ આપવામાં આવશે જેમ કે નૉમિની નોંધણી, દસ્તાવેજોની ઝેરોક્સ, ચા–પાણીની વ્યવસ્થા, અને વિવિધ જરૂરી માર્ગદર્શન. આ કેમ્પનો સમય સવારે ૯:૩૦ થી ૧૧:૦૦ કલાક છે અને તે સંસ્થાના માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાવા જઈ રહ્યો છે. શ્રી કૌશિકભાઈ પાનસૂરીયાના માર્ગદર્શન હેઠળ આ કેમ્પ, ખેડૂતો માટે અગત્યનો અને લાભદાયી સાબિત થવાનો છે. મંડળી દ્વારા ખેડૂતોને અપીલ કરવામાં આવી છે કે તેઓ વધુમાં વધુ સંખ્યામાં હાજરી આપીને આ સેન્ટર દ્વારા આપવામાં આવતી સેવાઓનો લાભ લે.

# મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રી રવિવારે ખોડલધામની મુલાકાતે





ખોડલધામ, તા.૦૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ભારત સરકારના મંત્રી મનસુખભાઈ માંડવીયા ૭ ડિસેમ્બરને રવિવારે ખોડલધામની મુલાકાતે આવશે. આ અવસરે સવારે ૮-૩૦ કલાકે નવનિયુક્ત ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ તથા રાજ્ય સરકારમાં નવનિયુક્ત થયેલ લેઉવા પટેલ સમાજના મંત્રીઓનું ખોડલધામ મંદિર- કાગવડ ખાતે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અનેક રાજકીય-સામાજિક આગેવાનો પણ ઉપસ્થિત રહેશે.

# કોડીનાર S.T. ડેપોને પાંચ નવી બસ મળતાં મુસાફરોની સુવિધામાં વધારો થશે

કોડીનાર, તા. ૦૪



કોડીનારના એસ.ટી. ડેપોને લાંબા સમયથી પ્રતીક્ષા બાદ આખરે પાંચ નવી બસ ફાળવવામાં આવી છે. રાજકોટ, વડોદરા અને પોરબંદર સહિતના મહત્વના લાંબા રૂટ પર સારી વાહનની સુવિધા ન મળવાને કારણે મુસાફરોને અગાઉ નાછૂટકે ખાનગી લક્ઝરી બસમાં મુસાફરી કરવી પડતી હતી. સ્થાનિક મુસાફરોની આ તકલીફની જાણ પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીને થતાં, તેમણે તુરંત જ આ બાબતની રજૂઆત કોડીનારના ધારાસભ્ય, કેબિનેટ મંત્રી પ્રદ્યુમનસિંહ વાજા અને કોડીનાર તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ બારડને કરી હતી. આ આગેવાનોએ વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીને મુસાફરોની સમસ્યા વિશે જાણ કરી હતી. જેના પગલે ત્વરિત નિર્ણય લઈને કોડીનાર એસ.ટી. ડેપોને પાંચ નવા વાહનો ફાળવ્યા હતા. નવી બસો કોડીનાર એસ.ટી. ડેપોમાં આવી પહોંચતા, કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકી, તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ બારડ સહિતના અગ્રણીઓ ડેપો ખાતે ઉપસ્થિત રહ્યા હતા. આ અગ્રણીઓએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.

# કોડીનાર: ૭-૧૨ માં મકાન-વૃક્ષોની નોંધણી અટકાવાતા ખેડૂતોમાં ભારે રોષ

કોડીનાર, તા. ૦૪



ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં ખેડૂતોના ગામ નમૂના નંબર ૭/૧૨ ના બીજા હક્કમાં મકાન, ઢાળિયા, વૃક્ષો, કૂવા અને બોરવેલ વગેરેની નોંધ દાખલ કરવાની કામગીરી મામલતદાર કચેરી દ્વારા અચાનક બંધ કરી દેવાઈ છે. આ નિર્ણયના કારણે તાલુકાના ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ નોંધ બંધ થવાથી ખેડૂતોને વીજળી કનેક્શન, બાગાયતી સહાય યોજનાઓ અને કુદરતી આફતોમાં સહાય જેવા સરકારી લાભો મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. કોડીનાર સરપંચ સંઘના પ્રમુખ કનુભાઈ લાખત્રોણાએ મામલતદાર સાહેબને લેખિત રજૂઆત કરી છે અને તાત્કાલિક કામગીરી પુનઃ શરૂ કરવા માંગ કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, ગીર સોમનાથ જિલ્લાના જ અન્ય તાલુકાઓ, જેમ કે તાલાલા, ઊના અને ગઢડામાં આ પ્રકારની નોંધ દાખલ કરવાની કામગીરી રાબેતા મુજબ ચાલુ છે, જે એક જ જિલ્લામાં અલગ નિયમશાહી દર્શાવે છે. તાલાલા મામલતદાર કચેરીના પત્રનો સંદર્ભ પણ આપવામાં આવ્યો છે, જેમાં કલેક્ટરના નિર્ણય મુજબ નોંધ દાખલ કરવાનું જણાવાયું છે. સરપંચ સંઘના પ્રમુખ કનુભાઈ લાખત્રોણાએ આ ગંભીર પ્રશ્નના નિરાકરણ માટે મુખ્યમંત્રી સહિત ઉચ્ચ સ્તરે રજૂઆત કરી છે.

# શિવમહાપુરાણ મુજબ માગશર માસમાં આદ્રા નક્ષત્રમાં શિવપૂજાનું અતિ વિશેષ મહત્વ

અમરેલી, તા.૦૪



આગામી ૦૬/૧૨/૨૦૨૫ શનિવારે માગશર માસમાં આદ્રા નક્ષત્ર આવેલું છે, જે શિવ ભક્તો માટે ખૂબ જ વિશેષ અને પવિત્ર દિવસ છે. શિવમહાપુરાણમાં જણાવ્યા મુજબ, આ દિવસે ભગવાન શિવ બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા અને તેમણે સૌપ્રથમ પૂજા કરી હતી. એ દિવસે આરંભ થયેલી આ લિંગ સ્વરૂપ શિવની પૂજા આજે પણ ચાલે છે. આ દિવસમાં શિવનાં લિંગ સ્વરૂપની પૂજા કરવાનું ફળ લાખો મહાશિવરાત્રીની પૂજાની જેમ ફળદાયી છે. આ દિવસના મહત્ત્વને ધ્યાનમાં રાખતા, દરેક સનાતન ધર્મી અને શિવભક્તો માટે આ દિવસે શિવલિંગની પૂજા, આરાધના, શિવાલય જવાનું અને દીપ પ્રગટાવવાનું અત્યંત મહત્વપૂર્ણ છે. જો કોઈ શિવાલય ન જઈ શકે તો ઘરમાં પણ પૂજા કરી શકે છે.

# પીએમ શંકર વિદ્યાલયની વિદ્યાર્થિનીએ જિલ્લા લેવલે પ્રાપ્ત કરી સફળતા

લાઠી, તા.૦૪



પીએમ શંકર વિદ્યાલયની વિદ્યાર્થિની કુમારી દ્રષ્ટિ વિજયભાઈ ધરેજીયાએ ૩૦ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ચલાલા મુકામે ગાયત્રી પરિવાર દ્વારા આયોજિત જિલ્લા લેવલની પરીક્ષામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. દ્રષ્ટિની આ સફળતા પર શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ઘનશ્યામભાઈ શંકર અને સમગ્ર શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. હવે, દ્રષ્ટિ વિજયભાઈ રાજ્ય લેવલે શાળાનું પ્રતિનિધિત્વ કરશે. શાળાની આ સફળતા શાળા સંચાલક અને સમગ્ર શિક્ષક મંડળ માટે ગૌરવની વાત છે.

# ધોરાજી સિવિલમાં 'આઈ બેન્ક' અને 'બાળકોનું ICU' શરૂ કરવા લોક માંગ

ધોરાજી, તા. ૦૪

ધોરાજીની સરકારી હોસ્પિટલ (ધોરાજી સિવિલ) ખાતે આઈ બેંક અને બાળકો માટેનું ICU (પીડિયાટ્રિક આઈસીયુ) તાત્કાલિક શરૂ કરવા માટે સ્થાનિક લોકો અને સેવાભાવી કાર્યકર્તાઓએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે. સાથે જ હોસ્પિટલમાં નિષ્ણાત તબીબોની નિયુક્તિ કરવા પણ પ્રબળ માંગ ઉઠી છે. હાલમાં હોસ્પિટલ દ્વારા ચક્ષુદાનની સારી કામગીરી થઈ રહી છે. જો હોસ્પિટલને આઈ બેંકની મંજૂરી મળે, તો ઘરઆંગણે આંખોનું પ્રત્યારોપણ શક્ય બને અને માનવ કલ્યાણનું કાર્ય ધોરાજીમાં જ થઈ શકે. લાખોના ખર્ચે તૈયાર થયેલ પીડિયાટ્રિક ICU (બાળકો માટેનું સઘન સારવાર એકમ) ઘણા સમયથી તૈયાર હોવા છતાં ચાલુ કરાયું નથી. આ યુનિટ તાત્કાલિક કાર્યરત કરવા રજૂઆત કરવામાં આવી છે. હોસ્પિટલમાં રેડિયોલોજિસ્ટ, સ્ત્રીરોગના નિષ્ણાત, અને ENT (કાન, નાક, ગળાના) ડૉક્ટર સહિતના નિષ્ણાત તબીબોની કાયમી નિમણૂક કરવા માંગ છે. ઓર્થોપેડિક ડૉક્ટર હાજર હોવાથી, ઓર્થોપેડિક મોડ્યુલર ઓ.ટી. (ઓપરેશન થિયેટર)ની કામગીરી પણ તાત્કાલિક શરૂ કરવી જરૂરી છે.

# અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓને આકસ્મિક ઘટનાઓ અંગે સમજ અપાઈ

અમરેલી, તા.૦૪



અમરેલીમાં નગરપાલિકા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં ધોરણ-૬થી ૮નાં વિદ્યાર્થીઓને ફાયર, ૧૦૮ સેવા, પ્રાથમિક ઉપચારની સમજ આપવા માટે દરેક શાળાની સંખ્યા મુજબ સાપ્તાહિક આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત ટીમ દ્વારા શાળામાં બાળકોને પ્રેક્ટિકલ સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં ટીમ ફાયર, ટીમ ૧૦૮ સેવા, પ્રાથમિક ઉપચાર ટીમ દ્વારા આકસ્મિક બનતી ઘટનાઓમાં આ સેવાઓ કેવી કેવી મદદ કરી શકે તે બાબતે બાળકોને સમજાવવામાં આવ્યા હતા. આ તકે નગરપાલિકાનાં પ્રમુખ બીપીન લિંબાણી, શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષાર જોષી, ચીફ ઓફિસર વી.સી. રાઠોડ, વાઈસ ચેરમેન ડી.સી. ગોલ, શાસનાધિકારી એ.એચ. જોષીએ આવેલ ફાયર, ૧૦૮, પ્રાથમિક ઉપચારની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં તમામ આચાર્ય, શિક્ષકો તથા સી.આર.સી. તથા ઓફિસ સ્ટાફને બિરદાવ્યા હતા એમ સમિતિના સંદિપ વામજાની યાદી જણાવે છે.

# કોડીનારના ઘાંટવડમાં સુન્ની મુસ્લિમ સમાજનો ક્રાંતિકારી નિર્ણય: ડીજે, ફટાકડા અને ફુલેકા સહિત ૧૨ પ્રકારના ફિઝુલ ખર્ચ પર પ્રતિબંધ

કોડીનાર, તા.૦૪



કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામે સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા સર્વાનુમતે એક ઐતિહાસિક અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. લગ્નપ્રસંગોમાં થતા ખોટા દેખાડા અને બિનજરૂરી ખર્ચાઓને રોકવા માટે સમાજે કડક નિયમો બનાવ્યા છે. સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજના પ્રમુખ આદમભાઈ ચૌહાણ અને ૧૧ સભ્યોની કમિટી દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ, હવેથી સમાજમાં ડીજે વગાડવા, ફટાકડા ફોડવા અને ફુલેકુ કાઢવા પર પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત, વર્તમાન મોંઘવારીને ધ્યાનમાં રાખીને સોનું આપવાની મર્યાદા ૨ તોલા નક્કી કરવામાં આવી છે અને લગ્નમાં સાંજના જમણવાર પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. લગ્નમાં ટિફિન તથા ઝભલાની વ્યવસ્થા પણ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. દીકરીઓને કરિયાવરમાં ૭૦ હજાર સુધીની પલંગ-પથારી આપવાની રહેશે તેમ નક્કી કરાયું છે. મરણ પ્રસંગે થતા ખર્ચમાં કાપ મૂકતા નક્કી કરવામાં આવ્યું છે કે, જ્યારત વખતે ફક્ત કુટુંબીજનોને જ જમવાનું આમંત્રણ આપવાનું રહેશે. અન્ય લોકોએ માત્ર મિલાદ શરીફમાં આવીને ફાતિયા પઢી લેવાના રહેશે, જેથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને આર્થિક રાહત મળી શકે. સમાજના આગેવાનોએ સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ વ્યક્તિ આ નિયમોનો ભંગ કરશે તો તેને રૂ. ૫૧,૦૦૦ નો દંડ ભરવો પડશે.

# નેપાળી યુવાનોનો આતંકવાદી પ્રવૃત્તિમાં ઉપયોગ થતો હોવાનો ચોંકાવનારો ખુલાસો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૪

નેપાળ દ્વારા આતંકવાદીઓને વિદેશી ભંડોળ આપવાનું એક નવું મોડ્યુલ બહાર આવ્યું છે. તુર્કીના સહયોગથી, આઈએસઆઈ દુબઈ અને દોહા જતા નેપાળી યુવાનોને પ્રભાવિત કરી રહ્યું છે. આ હાંસલ કરવા માટે, તેમને પહેલા ધર્માંતરણ માટે દબાણ કરવામાં આવે છે અને પછી ગ્રામીણ નેપાળમાં ધર્માંતરણ કરવાનું કામ સોંપવામાં આવે છે. તેમને નેપાળમાં તેમના પગાર જેટલી જ ચૂકવણી કરવામાં આવે છે. આ મોડ્યુલ બલરામપુરમાં ધરપકડ કરાયેલા ધર્માંતરણ આરોપી ચાંગુર પીર દ્વારા કાર્યરત છે, જે તેની સહયોગી નીતુ ઉર્ફે નસરીન સાથે છે. ૯ સપ્ટેમ્બરના રોજ દિલ્હીમાં ધરપકડ કરાયેલા નેપાળી આઈએસઆઈ એજન્ટ પ્રભાત કુમાર ચૌરસિયા પણ આ કામગીરીનો ભાગ હોવાનું માનવામાં આવે છે. આ કારણોસર, સુરક્ષા એજન્સીઓ ઉચ્ચ જોખમી



પ્રવેશ બિંદુઓની યાદી અપડેટ કરવા માટે કામ કરી રહી છે. નેપાળ સરકારના શ્રમ સ્થળાંતર અહેવાલ મુજબ, નેપાળી યુવાનો સૌથી વધુ સંયુક્ત આરબ અમીરાતમાં સ્થળાંતર કરે છે. નેપાળથી દર મહિને સરેરાશ ૬૬,૦૦૦ યુવાનો વિદેશ જઈ રહ્યા છે, જેમાં ૨૫,૧૧૭ યુવાનોને ફક્ત ફેબ્રુઆરીમાં જ યુએઈ માટે વર્ક પરમિટ મળી છે. છેલ્લા દસ મહિનામાં ૧૭૫,૩૫૦ થી વધુ યુવાનોએ UAE માટે વર્ક પરમિટ મેળવી છે. એજન્સીઓ અનુસાર, લુમ્બિની પ્રાંતના ગુલ્મી જિલ્લાના પાંચ યુવાનોએ યુએઈમાં નોકરી કરતી વખતે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો.

# નૌકાદળ દિવસ નિમિત્તે વડાપ્રધાન સહિત વરિષ્ઠ નેતાઓએ સેનાને શુભેચ્છા પાઠવી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૪

ભારતીય નૌકાદળ દિવસ નિમિત્તે, પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સહિત તમામ મુખ્ય નેતાઓએ નૌકાદળને શુભેચ્છાઓ પાઠવી. પીએમ મોદીએ નૌકાદળને મહાન હિંમત અને મજબૂત નિશ્ચયનું પ્રતીક ગણાવ્યું. દરમિયાન, ગૃહમંત્રી અમિત શાહે લખ્યું કે ભારતીય નૌકાદળ આપણો ગૌરવશાળી કિલ્લો છે, જે સમુદ્ર પર ઊભો છે અને અદમ્ય બહાદુરીથી તમામ જોખમોથી રાષ્ટ્રનું રક્ષણ કરે છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે X પર લખ્યું કે હિંદ મહાસાગરમાં સૌથી મોટી નૌકાદળ શક્તિ તરીકે, નૌકાદળ, બહાદુરી, સતર્કતા અને આત્મનિર્ભરતા પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે, ભારતના દરિયાઈ હિતોને સમર્થન આપે છે અને 'વિકસિત ભારત' તરફ ભારતની યાત્રાને આગળ ધપાવે



છે. પીએમ મોદીએ લખ્યું, "ભારતીય નૌકાદળના તમામ લોકોને નૌકાદળ દિવસની શુભકામનાઓ. આપણું નૌકાદળ મહાન હિંમત અને નિશ્ચયનું પ્રતીક છે. તેઓ આપણા કિનારાઓનું રક્ષણ કરે છે અને આપણા દરિયાઈ હિતોને સમર્થન આપે છે. તાજેતરના વર્ષોમાં, આપણા નૌકાદળે આત્મનિર્ભરતા અને આધુનિકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આનાથી આપણા સુરક્ષા ઉપકરણને મજબૂત બનાવવામાં આવ્યું છે. હું આ વર્ષની દિવાળી ક્યારેય ભૂલી શકતો નથી, જે મેં INS વિક્રાંત પર નૌકાદળના કર્મચારીઓ સાથે વિતાવી હતી.

## કંગના રનૌતે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર આકરા પ્રહાર કર્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૪

હિમાચલ પ્રદેશના મંડીના સાંસદ કંગના રનૌતે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર આકરા પ્રહાર કર્યા છે. નવી દિલ્હીમાં બંધારણ દિવસના કાર્યક્રમ પછી, કંગનાએ મતદાર યાદી સુધારણા પર કેન્દ્ર સરકારને ધમકી આપવા બદલ મમતા બેનર્જીની ટીકા કરી. કંગના રનૌતે કહ્યું કે ઘૂસણખોરો આપણા શરીરમાં કેન્સર જેવા છે. તેમણે કહ્યું કે દેશ આ "ઘૂસણખોરો"થી છુટકારો મેળવવા માંગે છે. કંગના રનૌતે ગેરકાયદેસર ઈમિગ્રેશનના મુદ્દાની તુલના કેન્સર સાથે કરી હતી. તેમણે કહ્યું હતું કે દેશ આવી ધમકીઓથી ડરશે નહીં. અગાઉ, બિહારના રહેવાસી કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું હતું કે મમતા બેનર્જીના કારણે બંગાળ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સનું કેન્દ્ર બની ગયું છે.

કંગના રનૌતે પીટીઆઈને કહ્યું હતું કે આખો દેશ આ ઘૂસણખોરોથી છુટકારો મેળવવા માંગે છે. શરીરમાં કેન્સરની જેમ, આખો દેશ ઘૂસણખોરોને બહાર કાઢવા માંગે છે.

# યુપીમાં કોંગ્રેસ એકલી લડશે : રાહુલ ગાંધીએ દિલ્હીમાં યુપી કોંગ્રેસના સાંસદોની બેઠક બોલાવી

નવીદિલ્હી,તા.૦૪

કોંગ્રેસે જાહેરાત કરી છે કે તે ઉત્તર પ્રદેશમાં સ્થાનિક ચૂંટણી એકલા લડશે. રાહુલ ગાંધીએ દિલ્હીમાં યુપી કોંગ્રેસના સાંસદોની બેઠક બોલાવી હતી, ત્યારબાદ પાર્ટીના પ્રભારી અવિનાશ પાંડેએ આ જાહેરાત કરી હતી. આ જાહેરાત બાદ, પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે કે શું કોંગ્રેસે "સાયકલ સવારી" છોડી દીધી છે? જોકે, કોંગ્રેસના સૂત્રો કહે છે કે આ ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણી પહેલા સંગઠનને મજબૂત કરવા અને સમાજવાદી પાર્ટી સામે તેની "સોદાબાજી શક્તિ" વધારવા માટે કરવામાં આવી રહ્યું છે.

૧૦ જનપથ ખાતે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથેની બેઠક બાદ, કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને ઉત્તર પ્રદેશ કોંગ્રેસના પ્રભારી અવિનાશ પાંડેએ જણાવ્યું હતું



કે, "અમે સંગઠનાત્મક વિકાસ અને આગામી દિવસોમાં આપણે સામનો કરી રહેલા ચૂંટણી પડકારો અંગે ચર્ચા કરી હતી. આપણે બધા વિધાનસભા મતવિસ્તારોમાં આપણા સંગઠનને મજબૂત બનાવવાની જરૂર છે. વધુમાં, કોંગ્રેસ ગમે તે પરિસ્થિતિમાં હોય, પંચાયત ચૂંટણીઓમાં સ્વતંત્ર રીતે લડશે અને ભાગ લેશે..." યુપી કોંગ્રેસના પ્રભારીએ એમ પણ કહ્યું હતું કે બેઠકમાં ૧૪ ડિસેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં રેલીને સફળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

## ઝારખંડ હાઈકોર્ટે ઈડી કેસમાં મુખ્યમંત્રી હેમંત સોરેનને રાહત આપી

રાંચી,તા.૦૪

ઝારખંડ હાઈકોર્ટે કથિત જમીન કૌભાંડ સંબંધિત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) કેસમાં મુખ્યમંત્રી હેમંત સોરેનને મોટી રાહત આપી છે. તેમને હવે સાંસદ-ધારાસભ્ય કોર્ટમાં રૂબરૂ હાજર રહેવાની જરૂર રહેશે નહીં. તેમને હાજર રહેવામાંથી મુક્તિ આપવામાં આવી છે, એટલે કે તેમના વકીલ તેમના વતી કોર્ટમાં હાજર રહેશે. નીચલી કોર્ટે સોરેનની હાજરીમાંથી મુક્તિ માટેની અરજી સામે ચુકાદો આપ્યો હતો, જેને તેમણે હાઈકોર્ટમાં પડકારી હતી. હાઈકોર્ટે તેમને રાહત આપી છે. ઝારખંડ હાઈકોર્ટે હેમંત સોરેનની અરજી પર સુનાવણી કરી. ન્યાયાધીશ એકે ચૌધરીની આગેવાની હેઠળની હાઈકોર્ટની બેન્ચે ઈડી સમન્સના તિરસ્કાર કેસમાં મુખ્યમંત્રી સોરેનને નીચલી કોર્ટમાં વ્યક્તિગત હાજરીની જરૂરિયાતમાંથી મુક્તિ આપી. મુખ્યમંત્રી હેમંત સોરેન દ્વારા દાખલ કરાયેલી અરજીમાં ૧૨ ડિસેમ્બરે સાંસદ-ધારાસભ્ય કોર્ટના ફરજિયાત વ્યક્તિગત હાજરીના આદેશને પડકારવામાં આવ્યો હતો.

# રાજ્યપાલે બંગાળમાં બાબરી મસ્જિદ જેવા બાંધકામો માટે હાકલ કરનારાઓને કડક ચેતવણી આપી

(એચ.એસ.એલ),કોલકતા,તા.૪

મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદના મોડેલવાળી મસ્જિદનું ઉદ્ઘાટન કરવાના તૃણમૂલ કોંગ્રેસના બળવાખોર ધારાસભ્ય હુમાયુ કબીરના ઈરાદા અંગે પશ્ચિમ બંગાળમાં રાજકીય તાપમાન વધી ગયું છે. હુમાયુએ ધમકી આપી છે કે જો રાજ્ય વહીવટીતંત્ર તેમને રોકવાનો પ્રયાસ કરશે તો વ્યાપક વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. તેમણે હાઈવે બ્લોક કરવાની અને આગ સાથે નહીં રમવાની ધમકી પણ આપી છે. જોકે, બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે આ અંગે નારાજગી વ્યક્ત કરી છે. રાજ્યપાલે સ્પષ્ટ કર્યું છે કે આવી કોઈપણ ઘટનાને મંજૂરી આપવામાં આવશે નહીં.

રાજ્યપાલ બોસે કહ્યું, "મને મળેલા ગુપ્તચર અને



ફિલ્ડ રિપોર્ટ્સ સૂચવે છે કે મુર્શિદાબાદને 'કૌભાંડની શાળા' માં ફેરવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આને મંજૂરી આપવામાં આવશે નહીં." રાજ્યપાલે બંગાળમાં બાબરી મસ્જિદ જેવા બાંધકામો માટે હાકલ કરનારાઓને કડક ચેતવણી આપતા કહ્યું કે જો સાંપ્રદાયિક લાગણીઓ ભડકાવવામાં આવશે તો બંધારણ અને રાજ્ય ફક્ત પ્રેક્ષક નહીં રહે. કાયદાનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# સ્ટાફના અભાવે દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ ૧૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૪

દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગો, હાલમાં ગંભીર કટોકટીનો સામનો કરી રહી છે. આની સીધી અસર મુસાફરો પર પડી રહી છે, જેઓ વારંવાર ફ્લાઈટ રદ અને વિલંબનો સામનો કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં, પરિસ્થિતિ એટલી વણસી ગઈ છે કે દેશના આઠ એરપોર્ટ પર ૧૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. આનાથી હજારો મુસાફરો ફસાયેલા છે અને તેમની મુસાફરી યોજનાઓમાં ભારે વિક્ષેપ પડ્યો છે. ઈન્ડિગો ફ્લાઈટ્સના વિલંબ અને રદ થવાથી હવાઈ ભાડા પર પણ અસર પડી રહી છે. ઘણા મુખ્ય રૂટ પર ટિકિટના ભાવ અચાનક વધી ગયા છે, જેનાથી મુસાફરો પર વધુ બોજ પડી રહ્યો છે. હાલમાં મોટી સંખ્યામાં



મુસાફરો ક્રિસમસ અને નવા વર્ષની રજાઓ ઉજવવા માટે વિશ્વના વિવિધ ભાગોમાં મુસાફરી કરી રહ્યા છે. ઈન્ડિગો પાસે દેશમાં સૌથી મોટો વિમાન કાફલો છે, જેમાં ૪૩૪ વિમાન અને ૨,૩૦૦ થી વધુ દૈનિક ફ્લાઈટ્સ છે. તે સ્થાનિક ફ્લાઈટ્સના ૬૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. હાલમાં, એરલાઈન ૫,૪૫૬ પાઈલટ્સ, ૧૦,૨૧૨ કેબિન ક્રૂ અને ૪૧,૦૦૦ થી વધુ કર્મચારીઓને રોજગારી આપે છે. તેમ છતાં, કંપની ક્રૂની તીવ્ર અછતનો સામનો કરી રહી છે.

# ઉદ્ધવ ઠાકરેની સરકારમાં સાધુઓની હત્યા થઈ હોવાનો સંજય નિરુપમનો આક્ષેપ

મુંબઈ,તા.૦૪

એકનાથ શિંદેની શિવસેનાના પ્રવક્તા અને પૂર્વ સાંસદ સંજય નિરુપમે કહ્યું કે એકનાથ શિંદેને નબળા પાડવાનો અર્થ હિન્દુત્વને નબળો પાડવો. શિવસેના એક હિન્દુત્વ પક્ષ છે, અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી કટ્ટર હિન્દુત્વવાદી નેતા છે, અને મહારાષ્ટ્રમાં હિન્દુત્વને મજબૂત કરવામાં



એકનાથ શિંદેનું મુખ્ય યોગદાન રહ્યું છે. ઉદ્ધવ સેના અને કોંગ્રેસ પર નિશાન સાધતા નિરુપમે કહ્યું કે ઉદ્ધવ ઠાકરેએ કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા હતા, અને તે પછી મહારાષ્ટ્રમાં સાધુઓની હત્યા કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરેના કાર્યકાળ દરમિયાન, રાજ્યમાં સાધુઓ સુરક્ષિત નહોતા, પરંતુ આજે, હિન્દુત્વની સરકાર છે, જ્યાં દરેક સુરક્ષિત છે.

## યુનાઈટેડ સ્ટેટ્સે ૨૦૦૯થી કુલ ૧૮,૮૨૨ ભારતીય નાગરિકોને દેશનિકાલ કર્યા : એસ. જયશંકર

નવીદિલ્હી,તા.૦૪

વિદેશ મંત્રી એસ. જયશંકરે ગુરુવારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સે ૨૦૦૯ થી કુલ ૧૮,૮૨૨ ભારતીય નાગરિકોને દેશનિકાલ કર્યા છે, જેમાં જાન્યુઆરી ૨૦૨૫ થી દેશનિકાલ કરાયેલા ૩,૨૫૮ ભારતીયોનો સમાવેશ થાય છે. ઉપલા ગૃહમાં પૂરક પ્રશ્નોના જવાબમાં, જયશંકરે કહ્યું કે માનવ તસ્કરીના કેસોની તપાસ રાજ્યો તેમજ રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા કરવામાં આવી છે, જેમાં પંજાબમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. '૨૦૦૯ થી કુલ ૧૮,૮૨૨ ભારતીય નાગરિકોને ભારત મોકલવામાં આવ્યા છે,' તેમણે લેખિત જવાબમાં જણાવ્યું. મંત્રીએ ઉમેર્યું કે ૨૦૨૩ માં ૬૧૭ ભારતીયોને અમેરિકામાંથી અને ૨૦૨૪ માં ૧,૩૬૮ ભારતીયોને દેશનિકાલ કરવામાં આવ્યા છે.

# ૪ મીટરથી વધુ ઊંચા મોજા ઉછળવાની શક્યતા : મુંબઈમાં લોકોને દરિયા કિનારે ન જવા તંત્રની અપીલ

મુંબઈ,તા.૦૪

બીએમસીએ ઊંચા મોજા ઉછળવાની ચેતવણી જારી કરી છે. બીએમસીએ લોકોને ગુરુવારે દરિયા કિનારે જવાનું ટાળવા કહ્યું છે કારણ કે ૪.૯૬ મીટર ઊંચા મોજા ઉછળવાની શક્યતા છે. ૭ ડિસેમ્બર દરમિયાન ૪ મીટરથી વધુ ઊંચા મોજા ઉછળવાની શક્યતા છે. બીએમસીએ ગુરુવારે



જણાવ્યું હતું કે ૭ ડિસેમ્બર, ૨૦૨૫ વચ્ચે સતત ચાર દિવસ સુધી ઊંચા મોજા ઉછળવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન, ૪.૫ મીટરથી વધુ ઊંચા મોજા ઉછળશે.

બીએમસીના કટોકટી વ્યવસ્થાપન વિભાગે ઊંચી ભરતી અંગે વિગતવાર માહિતી જાહેર કરી છે. આમાં ઊંચી ભરતીની તારીખ, સમય અને અંદાજિત ઊંચાઈનો સમાવેશ થાય છે.

# અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની ફિલ્મ પુષ્પા - ૨ હવે જાપાનમાં રિલીઝ થશે

મુંબઈ,તા.૪

અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની ફિલ્મ પુષ્પા ૨ ગયા વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હતી. આ ફિલ્મે ભારતમાં દિલ જીતી લીધા હતા અને થિયેટરોમાં ભરચક કમાણી કરી હતી. હવે, ફિલ્મ જાપાનમાં રિલીઝ માટે તૈયાર છે. નિર્માતાઓએ આ જાહેરાત કરી છે. દિગ્દર્શક સુકુમારની બ્લોકબસ્ટર ફિલ્મ "પુષ્પા ૨: ધ રૂલ", જેમાં અલ્લુ અર્જુન, રશ્મિકા મંદાના અને ફહાદ ફાસિલ અભિનીત છે, તે આવતા વર્ષે ૧૬ જાન્યુઆરીએ જાપાનમાં રિલીઝ થશે. જાપાનમાં ફિલ્મનું વિતરણ કરી રહેલી ગીક પિક્ચર્સ ઈન્ડિયાએ તેની X ટાઈમલાઈન પર આ જાહેરાત કરી. તેમાં લખ્યું છે, "કોનિચિવા, નિહોન નો ટોમો યો!" ભારતીય સિનેમાની આ હિટ ફિલ્મ જાપાનમાં સંપૂર્ણ તાકાતથી ધૂમ મચાવી રહી છે! પુષ્પા રાજ ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ જાપાન પર કબજો કરશે, સરહદો અને સમુદ્રો પાર કરીને જંગલની




આગને લઈ જશે.

આ સુપરહિટ ફ્રેન્ચાઈઝમાં મુખ્ય ભૂમિકા ભજવતી અભિનેત્રી રશ્મિકા મંદાનાએ પણ તેની X ટાઈમલાઈન પર ફિલ્મની રિલીઝ વિશે ટ્વિટ કર્યું અને ફિલ્મના જાપાની ટ્રેલરની લિંક શેર કરી. તેણીએ લખ્યું, "કોનિચિવા, જાપાન. જંગલની આગ સત્તાવાર રીતે વૈશ્વિક સ્તરે જઈ રહી છે." પુષ્પા ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ જાપાનમાં રિલીઝ થશે... શું તમે તૈયાર છો? સંપૂર્ણ જાપાની ટ્રેલર અહીં જુઓ. જેઓ નથી જાણતા તેમના માટે, દિગ્દર્શક સુકુમારની "પુષ્પા ૨: ધ રૂલ" એક મોટી બ્લોકબસ્ટર સાબિત થઈ, જે થિયેટરોમાં પ્રભાવશાળી ૫૦ દિવસ સુધી ચાલી.

# યુએસ એરફોર્સનું ફાઈટર જેટ દક્ષિણ કેલિફોર્નિયાના રણમાં ક્રેશ : પાઈલટ સુરક્ષિત

વોશિંગ્ટન,તા.૦૪

યુએસ એરફોર્સના ચુનંદા થંડરબર્ડ્સ ડેમોન્સ્ટ્રેશન સ્ક્વોડ્રનનું એક ફાઈટર જેટ દક્ષિણ કેલિફોર્નિયાના રણમાં ક્રેશ થયું છે. સૈન્યએ જણાવ્યું હતું કે ક્રેશ દરમિયાન પાઈલટ જેટમાંથી સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યો હતો. સાન બર્નાર્ડિનો કાઉન્ટી ફાયર ડિપાર્ટમેન્ટ અનુસાર, પાઈલટને નાની ઈજાઓ થઈ હતી અને તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

નેવાડામાં નેલિસ એરફોર્સ બેઝના એક નિવેદન અનુસાર, બુધવારે સવારે ૧૦:૪૫ વાગ્યે કેલિફોર્નિયાના નિયંત્રિત હવાઈ ક્ષેત્રમાં તાલીમ મિશન દરમિયાન એક એફ-૧૬ સી ફાઈટીંગ ફાલ્કન ક્રેશ થયું. ફાયર વિભાગે લોસ એન્જલસથી લગભગ ૨૯૦ કિલોમીટર ઉત્તરમાં મોજાવે રણના ટ્રોના વિસ્તાર નજીક વિમાન કટોકટીની જાણ કરી.



વિભાગે તાત્કાલિક પ્રતિક્રિયા આપી. કેલિફોર્નિયાના રણમાં વિમાન દુર્ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. ૫૭મી વિંગ પબ્લિક અફેર્સ ઓફિસ તરફથી વધુ માહિતી જાહેર કરવામાં આવશે. ૨૦૨૨ માં, નેવીનું એફ/એ-૧૮E સુપર હોર્નેટ જેટ ટ્રોના નજીક ક્રેશ થયું હતું, જેમાં પાઈલટનું મોત થયું હતું. થંડરબર્ડ્સ એર શોમાં તેમના નજીકના ફોર્મેશન ઉડાન માટે પ્રખ્યાત છે, જેમાં પાઈલોટ્સ એકબીજાના ઈંચના અંતરે પ્રેક્ટિસ કરે છે.

વાયુસેનાના સંક્ષિપ્ત નિવેદનમાં અકસ્માતની પરિસ્થિતિઓ વિશે કોઈ વિગતો આપવામાં આવી નથી.

# યાત્રાધામ અને પ્રવાસન સ્થળોમાં યાત્રાળુઓને પુરતી સુવિધા આપવા હર્ષ સંઘવીની તંત્રને સૂચના

ગાંધીનગર,તા.૪

રાજ્યના તમામ જિલ્લાના કલેક્ટર, મહાનગરપાલિકા કમિશનર અને દેવસ્થાનના વહીવટદારો સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આજે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. રાજ્યના નાગરિકો અને ખાસ કરીને યાત્રાધામ તથા પ્રવાસન સ્થળો પર જતા યાત્રાળુઓને સારામાં સારી પાણીની સુવિધા, યાત્રાળુઓના ધસારાનો અભ્યાસ કરીને આવા સ્થળોએ તે જરૂરિયાત મુજબ પબ્લિક ટોયલેટની સંખ્યા વધારવા અને તે તમામ શૌચાલય નિયમિત



નીટ એન્ડ ક્લીન રાખવાની યોજના તૈયાર કરવા, દિવ્યાંગ અને વરિષ્ઠ યાત્રાળુઓ માટે ખાસ સુવિધા ગોઠવવા તેમજ આ તમામ સ્થળો આસપાસની હોટલ, દુકાનો અને લારીઓમાં વેચાતા ફૂડની ગુણવત્તા પર ખાસ ચેકીંગ કરવા જેવા વિષયો પર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉંડાણપૂર્વક ચર્ચા કરી હતી. રાજ્યના પ્રવાસન સ્થળો અને યાત્રાધામ સ્થળો તથા તેની આસપાસના વિસ્તારોમાં દુકાનો, લારીઓ અને હોટલો પર વેચાતા નાસ્તા અને ભોજનની ગુણવત્તા ચકાસણીના મુદ્દા પર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ભાર મુક્યો અને તા. ૩ જી ડિસેમ્બરે રાજ્યભરમાં સાંજે ૪ વાગે સરપ્રાઈઝ ''ફૂડ ક્વોલિટી ચેકિંગ સ્ટ્રાઈક'' કરવા તમામ કલેક્ટર અને મહાનગરપાલિકા કમિશનરોને સૂચના આપી હતી.

# પેસેન્જરે બોમ્બ હોવાની ધમકી આપતા હૈદરાબાદ જતી ફ્લાઈટનું અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ

અમદાવાદ,તા.૦૪

મદીનાથી હૈદરાબાદ જઈ રહેલી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટનું આજે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. આ ઈમરજન્સી લેન્ડિંગનું કારણ ફ્લાઈટમાં સવાર એક પેસેન્જરે 'બોમ્બ' હોવાની ધમકી હતી. મક્કા-મદીનાથી હૈદરાબાદ જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ટેકઓફ થયા બાદ ફ્લાઈટમાં સવાર એક મુસાફરે અચાનક એવી ધમકી આપી હતી કે 'મારી પાસે બોમ્બ છે અને હું ફ્લાઈટ ઉડાવી દઈશ.' પેસેન્જરના આ દાવાને પગલે ફ્લાઈટમાં હાજર ક્રૂ મેમ્બર્સ અને અન્ય મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. તુરંત જ ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફ્લાઈટનું અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાયું



હતું. ફ્લાઈટના ઈમરજન્સી લેન્ડિંગ બાદ તાત્કાલિક સુરક્ષા એજન્સીઓને જાણ કરવામાં આવી હતી. સીઆઈએસએફ (સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ), ડોગ સ્ક્વોડ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસ સહિતની ટીમોએ ફ્લાઈટનું સઘન ચેકિંગ શરૂ કર્યું હતું. પ્રાથમિક તપાસમાં ફ્લાઈટમાંથી હજી સુધી કોઈ વાંધાજનક વસ્તુ કે બોમ્બ મળી આવ્યો નથી. જે પેસેન્જરે બોમ્બની ધમકી આપી હતી, તેને તાત્કાલિક ફ્લાઈટમાંથી નીચે ઉતારીને પોલીસ દ્વારા તેની પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

# રાજ્યમાં ઠંડીએ જોર પકડ્યું : કચ્છના નલિયામાં ૧૧.૦ ડિગ્રી તાપમાન નોંધાયું

મદાવાદ,તા.૦૪

ગુજરાતમાં ઠંડીએ હવે પૂરજોશમાં પ્રવેશ કર્યો છે. કચ્છના નલિયામાં આ સિઝનનું સૌથી નીચું તાપમાન ૧૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં રાત્રીનું તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ કે તેનાથી પણ નીચે પહોંચી ગયું છે. હવામાન વિભાગ અનુસાર ''આજથી ૭ ડિસેમ્બર સુધી સામાન્ય ઠંડીનો ચમકારો રહેશે, પરંતુ ૭મી ડિસેમ્બર પછી ઉત્તરીય પવનોના પ્રવાહથી રાજ્યમાં ઠંડીની તીવ્રતામાં નોંધપાત્ર વધારો થશે.'' આજે સવારે નલિયા (કચ્છ)માં ૧૧.૦, અમરેલીમાં ૧૩.૮, રાજકોટમાં ૧૪.૩, ભુજમાં ૧૪.૮, કંડલા પોર્ટમાં ૧૪.૯, કેશોદમાં ૧૫.૧, ડીસામાં ૧૫.૨, મહુવામાં ૧૫.૬, ગાંધીનગરમાં ૧૫.૮, વડોદરામાં ૧૫.૮, અમદાવાદમાં ૧૬.૮, વલ્લભ વિદ્યાનગરમાં ૧૬.૮, પોરબંદર-દીવમાં ૧૬.૮, સુરેન્દ્રનગરમાં ૧૭.૪ ન્યૂનતમ તાપમાન નોંધાયું હતું. આગામી ૨૪ કલાક રાજ્યમાં હવામાન સંપૂર્ણપણે શુષ્ક રહેશે.

# જેતપુરમાં રસ્તો ખોલવા આંદોલન કરી રહેલી મહિલાઓ સામે પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ,તા.૦૪

જેતપુર શહેરમાં ૫૩ કરોડના ખર્ચે બનેલા બ્રિજ બાદ સર્જાયેલી સમસ્યાનો ઉકેલ લાવવાને બદલે તંત્રએ હવે જનતા પર 'દંડો' પછાડવાનું શરૂ કર્યું હોય તેવો ઘાટ સર્જાયો છે. જેતપુર-ધોરાજી રોડ પરના જૂના રેલવે ફાટકને ફરી ખોલવાની માંગ સાથે આંદોલન કરી રહેલી સામાન્ય ગૃહિણીઓ અને શ્રમજીવી મહિલાઓ સામે પોલીસે કડક વલણ



દાખવી ગુનો દાખલ કરતા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. સામાન્ય રીતે લોક આંદોલનોમાં અટકાયત બાદ મુક્તિ અપાતી હોય છે, પરંતુ અહીં પોલીસે જેતપુરની ૧૩ મહિલાઓ સામે બીએનએસની કલમ હેઠળ કાર્યવાહી કરી છે. બનાવની પોલીસ દફતરે નોંધાયેલી વિગત મુજબ જેતપુર-ધોરાજી રોડ પર નવા બ્રિજના છેડે, યશ વે-બ્રિજની સામે મોટી સંખ્યામાં મહિલાઓ એકઠી થઈ હતી. આ મહિલાઓએ જાહેર રોડ પર બેસી જઈ રસ્તો બ્લોક કરી દીધો હતો. પોલીસ કાફલાએ ઘટનાસ્થળે પહોંચી મહિલાઓને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે આ રસ્તો સરકારી અને ખાનગી હોસ્પિટલો તરફ જવાનો મુખ્ય માર્ગ છે, તેથી દર્દીઓને તકલીફ પડે તેમ છે.

# ભાજપની ડબલ એન્જીન સરકારમાં ગુજરાત રાજ્ય ડ્રગ્સ માટે લેન્ડીંગ હબ : અમિત ચાવડા

અમદાવાદ,તા.૦૪

'નશા મુક્ત ગુજરાત' અભિયાન હેઠળ ગુજરાત એન.એસ.યુ.આઈ. દ્વારા ગુજરાત યુનિવર્સિટીથી વિવિધ કેમ્પસો આવરી લઈને બાઈક રેલી યોજાઈ જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા, કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ તથા ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી સહિતના યુવા સાથીઓ - આગેવાનો જોડાયા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલ સહિતના કોંગ્રેસના અગ્રણી નેતાઓએ રાજ્યમાં દારૂ અને ડ્રગ્સના વ્યાપક દુષણ પર ચિંતા વ્યક્ત કરી હતી. આ ગંભીર સામાજિક સમસ્યા સામે લડવા માટે એક વ્યાપક 'નશામુક્ત ગુજરાત' અભિયાનની સત્તાવાર જાહેરાત કરી હતી.

# અમેરિકામાં ગુજરાતી એનઆરઆઈ પરિવાર પર આભ ફાટ્યું : દીકરાએ પિતાની હથોડીથી હત્યા કરી

વડોદરા,તા.૦૪

અમેરિકાના શિકાગોમાં વસતા ગુજરાતી એનઆરઆઈ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. જ્યારે ૨૮ વર્ષના દીકરાએ તેના પિતાની ક્રુરતાપૂર્વક હત્યા કરી હતી. ન્યાયાધીશે ૨૮ વર્ષીય અભિજીત પટેલને કોર્ટ કાર્યવાહી સુધી અટકાયતમાં રાખવાનો આદેશ આપ્યો છે. કોર્ટના રેકોર્ડ મુજબ, ૨૯ નવેમ્બરના રોજ અભિજીત



પટેલ નામના યુવકે તેના ૬૭ વર્ષીય વૃદ્ધ પિતા અનુપમ પટેલની કથિત રીતે હથોડાથી માર મારીને હત્યા કરી હતી. ૨૮ વર્ષીય અભિજીત પટેલ પર પોતાના પિતાની હત્યા કરવાનો આરોપ છે. તેને સોમવારે ટ્રાયલ સુધી કસ્ટડીમાં રાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સાઉથ સેલેમ ડ્રાઈવના ૧૧૦૦ બ્લોકમાં આવેલા એક નિવાસસ્થાને શનિવારે ૬૭ વર્ષીય અનુપમ પટેલની હત્યાના કેસમાં અભિજીત પટેલ પર ફર્સ્ટ-ડિગ્રી મર્ડરનો આરોપ છે. જો તે દોષિત ઠરે તો તેને ૨૦ થી ૬૦ વર્ષની જેલની સજા થઈ શકે છે. કુક કાઉન્ટીના પ્રોસિક્યુટર્સના જણાવ્યા અનુસાર, અનુપમ પટેલને માથામાં હથોડીથી ઓછામાં ઓછા બે ફટકા મારવામાં આવ્યા હતા, જેના કારણે તેની ખોપરીમાં ફ્રેક્ચર થયું હતું અને તેનું નાક તૂટી ગયું હતું. અમેરિકામાં રહેતો ગુજરાતી સમાજ આ હત્યાથી ચોંકી ગયો છે. મૂળ વડોદરાના પટેલ પરિવારમાં મોભીની હત્યાથી આભ તૂટી પડ્યું છે.

# છ વર્ષની બાળકીની દુષ્કર્મ બાદ હત્યા કરનાર નરાધમને વાપી કોર્ટે ફાંસીની સજા ફટકારી

વાપી,તા.૦૪

છ વર્ષની બાળકી સાથે બળાત્કાર અને હત્યાના કેસના આરોપી રઝાક સુભાન ખાનને વાપીની પોક્સો કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. આરોપીએ એક શ્રમજીવી પરિવારની બાળકીને ચોકલેટની લાલચ આપી ઝાડીઓમાં લઈ ગયો હતો. જ્યાં બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરી હતી. આ ઘટના બે વર્ષ પહેલા બની હતી. ઘટનાની વાત કરીએ તો આ કિસ્સો વાપીના ડુંગરા વિસ્તારનો છે. જ્યાં એક શ્રમજીવી પરિવારની છ વર્ષની બાળકીને આરોપી રઝાક ચોકલેટની લાલચ આપી લઈ ગયો અને તેના પર બળજબરીથી દુષ્કર્મ કર્યું હતું. ત્યારબાદ આરોપીએ બાળકીની બર્બરતાપૂર્વક હત્યા કરી હતી. ત્યારબાદ પોલીસે આ કેસમાં આરોપીની સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. હવે કોર્ટે તેને ફાંસીની સજા ફટકારી છે. વાપીની વિશેષ પોક્સો કોર્ટમાં આ કેસની સુનાવણી ચાલી હતી. સરકારી વકીલ તરીકે બાળકી તરફથી પબ્લિક પ્રોસિક્યુટર નયન સુખડવાલા અને અનિત ત્રિપાઠીએ કેસ લડ્યો હતો. બંને વકીલોની દલીલો અને મજબૂત પૂરાવાના આધારે કોર્ટે આરોપીને ફાંસીની સજા ફટકારી છે. આરોપીની ફાંસીની સજા થતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ X પર પ્રતિક્રિયા આપી છે. હર્ષ સંઘવીએ કહ્યુ કે બે વર્ષ પહેલા વલસાડના એક નાના ગામમાં દર્દનાક ઘટના બની હતી. છ વર્ષની બાળકી સાથે અપરાધ કરનાર રઝાક સુબાન ખાનને હવે માનનીય કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. આ અત્યંત ગરીબ પરિવાર છે અને મજૂરી કરી ભરણપોષણ કરે છે. ઘટના બાદ અમે નક્કી કર્યું હતું કે પરિવારને ન્યાય અપાવવામાં આવશે.

# વડોદરા સેન્ટ્રલ જેલમાં બંધ કીર્તિ પટેલ સામે નવા ગુના નોંધાયા : ફરિયાદીને ગાળો અને ધમકી આપવાનો આરોપ

સુરત,તા.૦૪

વડોદરા સેન્ટ્રલ જેલમાં પાસા એક્ટ હેઠળ બંધ કીર્તિ પટેલની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. સુરતના લસ્કાણા પોલીસ સ્ટેશનમાં તેમની સામે મંગળવારે નવો ગુનો નોંધાઈ ગયો છે. આ ફરિયાદમાં તેમના પર ફરિયાદીને જાહેરમાં અપશબ્દો બોલવા, ધમકી આપવી અને જાણીજોઈને બદનામ કરવાના ગંભીર આરોપ મૂકવામાં



આવ્યા છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, કીર્તિ પટેલે સોશિયલ મીડિયા તથા અન્ય માધ્યમોથી ફરિયાદી વેપારી અલ્પેશ ડોંડાની ઈજ્જતને ઠેસ પહોંચાડે તેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો અને જાહેરમાં ગાળો ભાંડી હતી. આ ઘટના બાદ ફરિયાદીએ તાત્કાલિક લસ્કાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે આઈપીસીની કલમ ૨૯૪ (બ), ૫૦૬(૨), ૫૦૭ અને ૫૦૯ તેમજ આઈટી એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત કોંગ્રેસમાં આંતરિક કલહ : કિરીટ પટેલ અને લવિંગજી સોલંકી વચ્ચે વ્યકિતગત ટકરાવ

પાલનપુર,તા.૦૪

ગુજરાત કોંગ્રેસમાં આંતરિક કલહની આગ ફરી એકવાર ભભૂકી ઉઠી છે. રાધનપુરના ધારાસભ્ય કિરીટભાઈ પટેલે જન આક્રોશ રેલીમાં ઠાકોર સમાજના નેતા અને ચાણસ્મા-કાંકરેજના ધારાસભ્ય લવિંગજી સોલંકી ઠાકોરને ''નાચવાવાળા ધારાસભ્ય'' કહીને આકરા પ્રહાર કર્યા હતા. આ નિવેદનથી ઠાકોર સમાજમાં ભારે રોષ ફેલાયો અને હવે લવિંગજીએ વળતો જવાબ આપતાં કિરીટભાઈ પર વ્યક્તિગત હુમલો કર્યો છે. તેમણે કહ્યું, ''હું તો બચપનથી ભજન-કીર્તન અને ગુરુ મહારાજનો માણસ છું, જ્યારે કિરીટભાઈ પોતે દારૂ પીવે છે અને લોકોને ભટકાવે છે.'' લવિંગજીએ વધુમાં કહ્યું, ''કોંગ્રેસના જ નેતાઓ વચ્ચે વ્યક્તિગત પ્રહાર ચાલી રહ્યા છે. આવા નિવેદનોથી કોઈને રાજકીય લાભ થવાનો નથી.''

# મોરબીમાં શિક્ષક સંઘના ભૂતપૂર્વ પ્રમુખને દુષ્કર્મ કેસમાં ૧૦ વર્ષની કડક સજા ફટકારાઈ

મોરબી,તા.૦૪

મોરબીની ફાસ્ટ સેશન્સ કોર્ટે ગુરુવારે મહત્વનો ચુકાદો આપતાં શિક્ષક સંઘના ભૂતપૂર્વ પ્રમુખ વિજય સરડવાને દુષ્કર્મના ગુનામાં ૧૦ વર્ષની કડક કેદની સજા ફટકારી છે. સાથે જ આરોપીને રૂપિયા ૫ લાખનો દંડ પણ ઠોકવામાં આવ્યો છે. દંડની રકમ ભોગ બનેલી શિક્ષિકાને વળતર તરીકે ચૂકવવાનો આદેશ કોર્ટે કર્યો છે. આ ગંભીર કેસ વર્ષ ૨૦૧૮નો છે. રાજકોટમાં રહેતી એક પ્રાથમિક શિક્ષિકાએ મોરબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, મોરબી જિલ્લા પ્રાથમિક



શિક્ષક સંઘના ભૂતપૂર્વ પ્રમુખ વિજય સરડવાએ શિક્ષકોની ચિંતન શિબિર દરમિયાન તેમની સાથે પરિચય વધાર્યો હતો. ત્યારપછી ''હું મારી પત્નીને છૂટાછેડા આપીને તારી સાથે લગ્ન કરીશ'' એવી ખોટી લાલચ આપીને રાજકોટ, અમદાવાદ તેમજ અન્ય સ્થળોએ હોટેલોમાં લઈ જઈને અનેક વખત શારીરિક સંબંધ બાંધ્યા હતા.








